Tuesday 29, April 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૨૯૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીમાં આલોક કંપનીને બોમ્બથી ઉડાવવાની ધમકી !

### કંપની પરિસરમાં દોડધામ મચી : પોલીસ તપાસમાં પગારના મુદ્દે એક કર્મચારીનું કરતૂત બહાર આવ્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૮ :** વાપીના બલીઠા ખાતે આવેલ આલોક કંપનીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા કંપની પરિસરમાં ભારે દોડધામ મચી સાથે પોલીસ તપાસમાં જોતરાઈ અંતે એક કર્મચારીનો પગાર કંપનીએ નહીં ચૂકવવાતા ઉપરોક્ત ધમકી આપી હોવાનું બહાર આવ્યું છે.

આધારભૂત સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે વાપી નજીકના બલિઠા ખાતે આવેલ આલોક ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં હજારો કામદાર કામ કરે છે જે પૈકી એક કામદારને પગાર સમયસર નહીં ચુકવાતા તેઓએ કંપનીને ટાર્ગેટ બનાવી આ કંપનીને બોમથી ઉડાવી દેવાની ધમકી આપતો મેસેજ કરાયો હતો. જેને લઈ વલસાડ જિલ્લા પોલીસની ટીમ સાથે વાપી ટાઉન પોલીસ એલસીબી પોલીસ અને ડી સ્ટાફની ટીમ દોડતી થઈ ગઈ હતી અને મોટી સંખ્યામાં પોલીસની ટીમ આલોક ઈન્ડસ્ટ્રીઝ કંપની પર પહોંચી કંપનીમાં સચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અંતે એક કર્મચારીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરાઈ હતી. સાથે કંપનીમાં કામ કરતા કર્મચારીઓમાં પણ ભારે દોડધામ મચી જવા પામી હતી અંતે આ મેસેજ કરનારને ઓળખી કાઢી કાર્યવાહી પણ કરવામાં આવતા કંપનીમાં કામ કરતા કર્મચારી અને સંચાલકોમાં સાથે પોલીસે પણ હસકારો લીધો છે.

# ઉમરગામ ગાંધીવાડીમાંથી ૭ બાંગ્લાદેશી ઝડપાયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૮ :** બાંગ્લાદેશની બોર્ડરથી ભારતમાં ગેરકાયદે ધુસણખોરી કરી ઉમરગામની ગાંધીવાડીમાં રહેતા સાત બાંગ્લાદેશીઓને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરાઈ છે.

કાશ્મીરના પહેલગામની ઘટના બાદ દેશની આંતરિક સુરક્ષાને ધ્યાનમાં રાખી ગુજરાત રાજ્યની અંદર વિદેશી નાગરિકો ધુષણખોરી કરી વસવાટ કરી રહ્યા હોય તેવા લોકોને શોધી કાઢવા રાજ્યના ગૃહમંત્રી અને પોલીસ વિભાગ દ્વારા ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી આ અભિયાન ચાલી રહ્યું છે જેમાં ખાસ કરીને ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલ કંપનીઓ તથા તેની આજુબાજુના વિસ્તારોમાં આવેલી ભાડુતી ચાલ્યોમાં તપાસ કરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત ઉમરગામ તાલુકાના ગાંધીવાડી વિસ્તારમાં કેટલાક બાંગ્લાદેશીઓ ગેરકાયદે રહે છે અને ઉમરગામની જ એક ગારમેન્ટ કંપનીમાં કામ કરતા હોવાની બાતમી મળતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં શંકાસ્પદ જણાયેલા સાત ઈસમોને ડીટેઈન કરી તપાસ કરવામાં આવતાં તેઓ બાંગ્લાદેશી હોવાનું બહાર આવ્યું છે. જેમાં મોહમ્મદ સુમાનઉદ્દીન ઉર્ફે સુમોન તજીબર મુલ્લાં ઉંમર વર્ષ ૩૫, હિલાલ સોફીકુલ ખાન મુસ્લિમ ઉંમર વર્ષ ૩૧, મસૂદ અબ્દુલ રહીમ રાના ઉંમર વર્ષ ૩૫, મોસરક ઉર્ફે સફીકુલ કુદરઅલી ઈસ્લામ ઉંમર વર્ષ ૨૪, સાઈમ ઉર્ફે ઈલિયાસ નુરલ ઈસ્લામ હસન ઉંમર વર્ષ ૨૦, માસુદ ખાન ઉર્ફે બુલબુલ રજબ અલી ખાન અને રાની બેગમ હુફેર થકી મલી અબ્દુલ ગની મિરદા ઉંમર વર્ષ ૩૩નાને ઝડપી પાડી પૂછપરછ કરતા તેઓએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશી નાગરિકો પોતાના દેશથી પ્રથમ નેપાળમાં થઈ ત્યાંથી ભારત દેશના પશ્ચિમ બંગાળની બોર્ડરથી ભારતમાં ભૂષણપુરી કરેલ છે. અને પકડાયેલા બાંગ્લાદેશી નાગરિકો ગેરકાયદેસર રીતે ભારત દેશ રહી કામ ધંધો કરતા હતા અગાઉ આ પકડાયેલા સાપ પાકિસ્તાનીઓમાં અગાઉ હિલાલ સોફી કુલ ખાન મહારાષ્ટ્રના થાણા શહેરમાં આવેલ શાંતિનગર પોલીસ મથકે ચાર વર્ષ પહેલા ઝડપાઈ ચુક્યો છે અને ત્યારબાદ ત્યાં કોઈ કાર્યવાહી ન કરાતા હાલમાં ઉમરગામ વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી રહેતો હતો.

### ત્રણ દિવસથી જિલ્લામાં વિદેશી ઘૂસણખોરોને શોધવાની કવાયત

## આજે ૪૦૦ શકમંદો તપાસાયા

### પોલીસ તપાસમાં સ્થાનિક લોકો પણ અડફેટે આવી જતાં કચવાટ : વાપી પંથકમાં પ. બંગાળ અને બાંગ્લાદેશીઓની મોટી સંખ્યા હોવાની શંકા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૮ :** દેશમાં આંતરિક સુરક્ષાને ધ્યાને રાખી ગુજરાત રાજયમાં વિદેશી નાગરિકોની ગુસણખોરી હોય તો તેને તપાસી કાર્યવાહી કરવાની સૂચના રાજ્યના ગૃહ વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવતા વલસાડ જિલ્લા પોલીસ દ્વારા હાલમાં છેલ્લા ત્રણ દિવસથી વાપી અને તેની આજુબાજુના વિસ્તારમાં ઘૂસણખોરોની તપાસ કરી રહી છે. જેમાં ગઈકાલે ૩૮૫ અને આજે ૪૦૦ જેટલા શંકાસ્પદ ઈસોમોને વાપી જીઆઈડીસી ખાતે આવેલ ડીવાયએસપી કચેરી તેમજ એસઓજી અને એલસીબી વિભાગની કચેરી ખાતે લાવી તેઓના દસ્તાવેજ ચકાસવામાં આવી રહ્યા છે જેમાં ખાસ કરીને પરપ્રાંતીઓ ઉત્તર પ્રદેશ બિહાર ઝારખંડ મધ્યપ્રદેશ રાજસ્થાન પશ્ચિમ બંગાળની સાથે સ્થાનિક લોકોને પણ કંપનીમાંથી બોલાવી તપાસ કરી રહ્યા છે. જેને લઈ સ્થાનિકોમાં કચવાટ ઉભો થયો છે જોકે વાપી જીઆઈડીસી અને તેની આજુબાજુના વિસ્તારમાં અનેક ભંગારના તેમજ ભીખ માંગવાના અને સોના ચાંદીના દાગીના ઓગાળી નવા બનાવવા માટેની કામગીરી કરનાર મોટાભાગના પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશી હોવાનું સ્થાનિક લોકો જણાવી રહી છે. તો તેવા શંકાસ્પદ ઈસોમોને શોધી પોલીસે કાર્યાવહી કરવી જરૂરી છે.

## વલસાડ જિલ્લા યુવા કોંગ્રેસના ૬ કાર્યકરો ભાજપમાં જોડાયા

**(દમણગંગાટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૮ :** વડાપ્રધાન દ્વારા દેશમાં ચાલી રહેલા વિકાસના કાર્યોથી પ્રેરાય વલસાડ જિલ્લા યુવા મોરચાના કોંગ્રેસી ૬ કાર્યકરોએ વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલય પર જિલ્લા પ્રમુખ, સાંસદ અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં યુવા મોરચાના કોંગ્રેસ કાર્યકરોએ ભાજપનો કેસ ધારણ કર્યો હતો.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહેલ રાષ્ટ્રહિતના કાર્યો, વિકાસકાર્યો થી પ્રેરાઈને કોંગ્રેસ પાર્ટી યુવા મોરચાના હોદ્દેદારો આજરોજ જિલ્લા ભાજપ કાર્યાલયમાં વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપનો ખેસ ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં વિધિવત પ્રવેશ વીવેકકુમાર પ્રમોદ ગુપ્તા (વલસાડ એમ્બેસી યુથ કોંગ્રેસ પ્રમુખ) વિજય નારાયણ ટંડેલ (માજી પ્રમુખ વલસાડ શહેર યુથ કોંગ્રેસ) પંકજ હિંદરાજ (વલસાડ જિલ્લા યુથ કોંગ્રેસ મહામંત્રી/ રિસર્ચ એન્ડ યુથ ડેવેલોપમેન્ટ પ્રદેશ પ્રમુખ), વૈશાલી પ્રજાપતિ પાર્થ સતીશ પટેલ, ક્રિષ્ના ગુપ્તાએ ભાજપનો ખેસ ધારણ કર્યો હતો.



## રેકોર્ડ જમા કરાવ્યા વગર ૭ બાંગ્લાદેશી રાખ્યા કેવી રીતે ?

**વાપી, તા.૨૮ :** ઉમરગામના ગાંધીવાડીથી પકડાયેલા સાત બાંગ્લાદેશી ઘૂષણખોરને નોકરી આપનાર તથા ભળેથી મકાન આપનાર સામે પણ પોલીસે કડક કાર્યવાહી કરવાની જરૂર છે.

વલસાડ જિલ્લા પોલીસ દ્વારા વારંવાર ભાડે થી મકાન આપનાર તેમજ કંપનીઓમાં નોકરી એ રાખતા પહેલા કામદારના આધાર પુરાવા અને તેની નાગરિકત્વ અંગે ચકાસણી કરી એક પુરાવા તરીકે પોતાની પાસે રાખવા અને એક ફાઈલ પોલીસમાં જમા કરાવવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમ છતાં ઉમરગામના ગાંધી વાડી ખાતે આવેલ ગારમેન્ટ કંપની માં કામ કરતા સાત જેટલા બાંગ્લાદેશી ઝડપાઈ ચુક્યા છે તે તમામને નોકરીએ રાખનાર તથા મકાન ભાડે આપનાર મકાનમાલિક સામે પણ પોલીસે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે.

## સેલવાસમાં મિઠાઈની દુકાનો પર ફૂડ ઈન્સ્પેક્ટરોના દરોડાથી ફફડાટ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સિલવાસા, તા. ૨૮ :** શહેરમાં ખાદ્યસામગ્રીની ગુણવત્તા જાળવવાના હેતુથી આજે ફૂડ ઈન્સ્પેક્ટર દીપક ટંડેલે સિલવાસાની બે જાણીતી મીઠાઇ દુકાનો – બિર્કી સ્વીટ અને કાવેરી સ્વીટ પર અચાનક દરોડો કર્યો હતો.

શહેરના લોકપ્રિય મીઠાઇ ઉત્પાદકોમાંથી અલગ અલગ મીઠાઈઓ અને કાચા માલના નમૂનાઓ લઈ લેબોરેટરી ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં કેટલીક ખામીઓ જણાઈ આવી છે. આખરી લેબોરેટરી રિપોર્ટના આધારે આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરાશે.

દરોડા દરમિયાન દુકાનોની બહાર પાણીપુરી અને ચિપ્સ વેચતા ફેરિયાઓની પણ ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કેટલાક ફેરિયાઓ પાસે ફૂડ લાયસન્સ નહોતું અને તેઓએ મુદતપુર્તા ખાદ્યપ્રદાર્થ વેચી રહ્યા હતાં. મામલે ગંભીરતા દાખવતા ફૂડ ઈન્સ્પેક્ટર દીપક ટંડેલે તાત્કાલિક ફેરિયાની સ્ટોલ બંધ કરાવી તેનું સ્થળ પરથી સ્થળાંતર કરાવ્યું અને નોટિસ આપીને કાર્યવાહી શરૂ કરી. ફૂડ ઈન્સ્પેક્ટર દીપક ટંડેલે જણાવ્યું હતું કે, જન્મજનના આરોગ્ય સાથે ખેલવાડ નહીં થાય. ખાધ્ય ગુણવત્તામાં બેદરકારી રાખનાર સામે કડક પગલાં લેવામાં આવશે. તમામ દુકાનો અને ફેરિયાઓએ યોગ્ય લાયસન્સ રાખવું અને સ્વચ્છતા નિયમોનું પાલન કરવું જરૂરી છે. સ્થાનિક લોકો દ્વારા ફૂડ વિભાગની કાર્યવાહીને આવકાર મળ્યો છે અને આવી દરોડાઓ નિયમિત થતી રહે તેવી માંગ ઉઠી છે, જેથી સામાન્ય જનતાને શુદ્ધ અને સુરક્ષિત ખોરાક મળી રહે.

## વલસાડમાં પાક.નો ઝંડો સળગાવી વિરોધ



**(દમણગંગાટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ ઈસ્ટ રેલ્વે યાર્ડમાં મુસ્લિમ અને હિન્દુ યુવાનો દ્વારા જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામનારાઓની આત્માને શાંતિ માટે મીણબત્તી સળગાવી શ્રદ્ધાંજલિ આપ્યા બાદ પાકિસ્તાનનો ઝંડો સળગાવ્યો હતો અને બાબાસાહેબ સોશિયલ સર્વિસ ટ્રસ્ટની શરૂઆત કરી હતી.

વલસાડ રેલવે ઈસ્ટ યાર્ડમાં મુસ્લિમ અને હિન્દુ યુવાનો દ્વારા બાબાસાહેબ સોશિયલ સર્વિસ ટ્રસ્ટની શરૂઆત કરી હતી અને યુવાનોએ તાજેતરમાં જમ્મુ કાશ્મીરમાં પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલાઓની આત્માની શાંતિ માટે મીણબત્તી સળગાવી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને યુવાનોએ પાકિસ્તાન મુર્દાબાદના નારા સાથે પાકિસ્તાનના ઝંડો સળગાવી વિરોધ કર્યો હતો.

## વાપી દેસાઈવાડમાં રસ્તાની કામગીરી લોકોએ અટકાવી



**(દમણગંગાટાઈમ્સ પ્રતિનિધિ)**


**વાપી, તા. ૨૮ :** વાપી મહાનગરપાલિકાના દેસાઈવાડમાં રસ્તો બનાવવાની કામગીરીમાં ટેન્ડર મુજબ કે રસ્તો ખોદીયા વગર બનાવવાની કામગીરી શરૂ કરાતા સ્થાનિક લોકોએ કામગીરી અટકાવી પહેલા સૂચન બોર્ડ અને કામની વિગત દર્શાવતું કોન્ટ્રાક્ટર અને એજન્સીનું નામવાળું બોર્ડ મૂકવાની માંગ કરી હતી.

આધારભૂત સૂત્ર દ્વારા મળતી માહિતી મુજબ વાપી મહાનગરપાલિકાના દેસાઈવાડ હનુમાન મંદિરથી નીલકંઠ બિલ્ડીંગ સુધીનો માર્ગ નવો બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તો ખોદીને ફરીથી લેવલ સાથે કરવાનું હોય છે. પરંતુ દેસાઈવાડની જૂની હવેલીથી હનુમાન મંદિર સુધીના માર્ગ ઉપર રસ્તો ખોદયા વગર બનાવવામાં આવી રહ્યો હતો. જેને લઈ સ્થાનિક અનાવિલ અગ્રણી અમુલભાઈ રમણભાઈ દેસાઈ, યતિનભાઈ દેસાઈ, સુધીરભાઈ દેસાઈ, અને અન્ય નાગરિકો દ્વારા રસ્તો બનાવવાની કામગીરી કરી રહેલી એજન્સીના કર્મચારીઓને આ રસ્તો ટેન્ડર મુજબ કેમ નથી બનાવતો તેમ કહી રસ્તાનું કામગીરી અટકાવવામાં આવી હતી અને જે અંગે મહાનગરપાલિકાના સીટી ઈજનેર અને એજ્યુકેટેડ ઈજનેરને જાણ કરવામાં આવી હતી. જોકે ત્યારબાદ તેઓએ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબની જાણકારી સ્થાનિક લોકોને આપતા રસ્તા બનાવવાની કામગીરી ચાલુ રખાઈ હતી. જોકે આ રસ્તો બની રહ્યો છે. ત્યારે મહાનગરપાલિકાના જવાબદાર ઈજનેર કે સુપરવાઈઝર ઘટના સ્થળે ન હોવાથી સ્થાનિકો મહાનગરપાલિકાના વહીવટી અધિકારીઓ સામે શંકાની સોય સેવાઈ રહી છે

## નવસારી જિલ્લાની ૫૬ ગ્રા.પં. માટે સરપંચની અનામત બેઠકની ફાળવણી જાહેર

**ચીખલી, તા.૨૮ :** નવસારી જિલ્લાની ૫૬ ગ્રામપંચાયતોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીએ સરપંચપદની અનામત જાહેર કરી છે.

નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ગ્રામપંચાયતોની ચૂંટણી માટે વહીવટી તંત્રએ કામગીરીનો પ્રારંભ કર્યો હતો. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે ૨૦૨૫ની વિભાજન અને સામાન્ય ચૂંટણી સરપંચપદ માટે અનામત બેઠકો જાહેર કરી હતી. જેમાં ૫૦ ટકા મહિલા અનામત સાથે બિન અનામત, એસટી, એસસી, અને બક્ષીપંચ બેઠકો માટે આગોતરી અનામત બેઠક જાહેર કરાઇ હતી. જેને કારણે ચૂંટણી વાંચ્છુકોમાં ગરમાટો વ્યાપી ગયો હતો. ચીખલી તાલુકામાં ૮ ગ્રામ પંચાયત પૈકી સતાડીયા, કણભઈ, આંબાપાડા અને બારોલીયા મંદિર ફળીયા ગ્રામપંચાયત સરપંચ માટે અનુસૂચિત આદિજાતિ (st), તેમજ સ્યાદા, પ્રધાનપાડા, રૂમલા અને તલાવચોરા ગામે અનુસૂચિત આદિજાતિ (મહિલા) અનામત જાહેર કરાઈ છે. ગ્રામ પંચાયતની ચૂંટણીમા સરપંચની કેટેગરી નક્કી કરાતા આઠ જેટલા ગામોમાં રાજકારણ ગરમાવા પામ્યું છે.




## સંજાણ ફણસવાડામાં હત્યા કરી ૯ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૮ :** સંજાણના ફણસપાડામાં અજાણ્યા ઈસમોએ દિનેશ રંગીલાલ નામના ઈસમને હાથ પગ બાંધી માર મારી લાશને કુવામાં ફેંકી દેવાના બનાવમાં ઉમરગામ પોલીસે મરનારની પત્ની સાસુ અને આરોપી મહાદેવ પ્રસાદ કુંદન પ્રસાદ ગૌતમ રહે દહાડ ઉમરગામના નામ બહાર આવ્યા હતાં. જેમાં છેલ્લા નવ નાસ્તા ફરતા આરોપીને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે.



પોલીસ પુત્ર દ્વારા મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૬માં દિનેશ રંગિલાલ ને તેમની જ પત્ની અને સાસુ તથા આરોપી મહાદેવ પ્રસાદના હોય એ માથાના ભાગે લોખંડ અને લાકડાના ફટકા મારી જાનથી મારી નાખી સંજાણ નજીકમાં આવેલ ફણસપાડાની કોયલી ખાડી પાસે આવેલ એક અવારુ કુવામાં નાખી દીધો હતો. જે પ્રકરણમાં મરનારની પત્ની સાથે આરોપી મહાદેવ પ્રસાદ વચ્ચે પ્રેમ સંબંધ હોય જેને લઈ તેમના પતિને રસ્તામાંથી હટાવી દેવા હત્યા કરવામાં આવી હતી. જેમાં મરનારની પત્ની અને સાસુની તે સમયે પોલીસે ધરપકડ કરી હતી. પરંતુ મહાદેવ પ્રસાદ ફરાર થઈ ગયો હતો જેને ધ્યાને લઈ હાલમાં એલસીબી પોલીસ વિભાગના અપોકો રાજુભાઈ ઝીણાભાઈ સોલંકીનાને મળેલ બાતમીના આધારે છેલ્લા એક અઠવાડિયાથી વોચ રાખી ઉમરગામ તાલુકાના મોટી દહાડ સરકારી સ્કૂલની બાજુમાં આવેલ શુભલક્ષ્મી ટ્રેડર્સ નામના ગોડાઉનમાંથી ઝડપી પાડી ઉમરગામ પોલીસ મથકે સોપવામાં આવ્યો છે. આ અંગે પકડાયેલા આરોપીની પૂછપરછ દરમિયાન તેઓએ જણાવ્યું હતું કે આજે આશરે નવ વર્ષ પહેલાં ૨૦૧૬ માં આરોપી સેલવાસ અતાર ખાતે રહેતો હતો અને બીલોસા કંપનીમાં નોકરી કરતો હતો તે દરમિયાન આરોપીના કોઈનો છોકરો દિનેશ જે સંજાણ ખાતે રહેતો હોય અને આરોપી સંજાણ ખાતે તેના ઘરે અવારનવાર જતો હતો જેથી દિનેશની પત્ની સાથે આરોપીને સંબંધ થઈ ગયો હતો. ત્યારબાદ દિનેશ તથા તેની પત્ની વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતા હોય જેથી આરોપી તથા દિનેશની પત્ની અને દિનેશ ની સાસુનાઓએ ભેગા મળી દિનેશને મારી નફોનો પ્લાન બનાવેલ અને ભેગા મળી દિનેશને મારી નાંખી તેની લાશને કૂવામાં નાખી દેવામાં આવી હતી.

# ચીખલીમાં ગરમીથી લોકો પસીને રેબઝેબ બપોરે ગરમીને પંથકના રસ્તાઓ સુમસામ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા. ૨૮ :** ચીખલીમાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમી થતા લોકો પસીને રેબઝેબ થઈ રહ્યા છે અને હજુ એપ્રિલ મહિનો હોય મે માસમાં કેવા હાલ થશે એમ વિચારી રહ્યા છે જોકે કાળઝાળ ગરમીને કારણે બપોરના સમયે જાહેર રસ્તાઓ સૂમસામ બની જતા હોય છે જ્યારે ઠંડા પીણાંની દુકાનો ઉપર લોકોની ભીડ જોવા મળતી હોય છે તો બીજી તરફ ગરમીમાં લુ ની અસર વર્તાતા દવાખાનાઓ પણ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

ચૈત્ર માસમાં પડતી ગરમી લોકોને પસીને રેબઝેબ કરી દેતી હોય છે હાલમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમી એ -કોપ મુકતા લોકો ગરમીથી અકડાઈ ઊઠ્યા છે ઓફિસ, દુકાન કે ઘરોમાં પંખા, એસી પણ ગરમ હવા ફેકતા તે પણ કામ લાગતા નથી ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં લોકો ઠંડક મેળવવા માટે નદી, તળાવો કે નહેરમાં આવતા પાણીમાં ડૂબકી લગાવી ઠંડક મેળવી રહ્યા છે જ્યારે વાડીમાં અને ખુલ્લા ખેતરોમાં ઠંડો લહેરાતો પવનથી હાસકારો મેળવી રહ્યા છે જોકે હજુ મે માસની ગરમી બાકી હોય ત્યારે ગરમી નો પ્રકોપ સહન કરવો મુશ્કેલ બની રહેશે ગરમીની અસર શાકભાજીના પાકો ઉપર પણ પડી રહી છે અને કેરીના પાકને અસર વર્તાતા નાની કેરીઓ ગરમીના કારણે મૂરઝાઈને નીચે પડી રહી છે.

# વાંસદાના લાખાવાડીમાં મન કી બાત કાર્યક્રમ ડૉ. લોચન શાસ્ત્રીની હાજરીમાં નિહાળાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાંસદા, તા. ૨૮ :** વાંસદાના લાખાવાડી ગામે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો મન કી બાતનો કાર્યક્રમ ડોક્ટર લોચન શાસ્ત્રી ની હાજરીમાં નિહાળાયો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લોકપ્રિય કાર્યક્રમ મન કી બાત નો ૧૨૧ મો એપિસોડ ૨૭ એપ્રિલ ના રોજ પ્રસારિત થયો. આ એપિસોડની શરૂઆત ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા ને ખૂબ જ પીડાદાયક બતાવ્યો હતો અને દેશને ભરોસો આપ્યો હતો કે દોશીઓને છોડવામાં આવશે નહીં. પીડિત પરિવાર પ્રતિ દરેક ભારતીય ના મનમાં ઊંડી સંવેદના સાથે લોકો દુઃખ અનુભવી રહ્યો છે. પુરી દુનિયામાં આતંકી હુમલા ના નિંદા થઈ રહી છે સાથે જ ૧૪૦ કરોડ ભારતીય આતંક ની લડાઈમાં વિશ્વ પણ ઊભું છે અને પીડીત પરિવારોને ન્યાય મળીને જ રહેશે સાથે જ એમણે જણાવ્યું હતું કે કાશ્મીરમાં શાંતિ આવી રહી હતી અને નિર્માણ કાર્યોમાં અભૂતપૂર્વ ગતિ આવી હતી અને લોકતંત્ર મજબૂત થઈ રહ્યું હતું ત્યારે દેશના દુશ્મનોને આ ગમ્યું નહીં અને આતંકના આકાઓએ કાશ્મીર પાછું બરબાદ થઈ જાય એના માટે મોટી સાજીશને અંજામ આપ્યું હતું. સાથે બે દિવસ પહેલા ભારતના મોટા વૈજ્ઞાનિક કે કસ્તુરીનંદનનું નિધન થયું હતું તેમને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમના દેશના વિકાસ માટેના યોગદાનને યાદ કર્યું હતું. એની સાથે જ દેશમાં આવતી આપત્તિ થી બચવા રાષ્ટ્રીય. આપત્તિ પ્રબંધન પ્રાધિકરણ દ્વારા વિકસિત કરવામાં આવેલ સચિત નામની મોબાઈલ એપ્લિકેશન વિશે પણ જણાવ્યું હતું અને દેશના નાગરિકોને સતર્ક રહેવામાં મદદગાર રહેશે અને સાર્વજનિક સુરક્ષા ની તૈયારી વધારી શકાશે એમ જણાવ્યું હતું. અંતે એક ઝાડ માં ને નામ અભિયાનનું એક વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યું છે જેની અભૂતપૂર્વ સફળતા નો ઉલ્લેખ કર્યો હતો અને એ પુરા વિશ્વમાં આ અભિયાન ખૂબ લોકપ્રિય થઈ રહ્યું છે તે જણાવ્યું હતું. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના વાંસદા મંડળના મહામંત્રી તથા નવસારી જિલ્લા મન કી બાત ના ઈન્ચાર્જ ડોક્ટર લોચન શાસ્ત્રી સાથે જ બીજા મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, વાંસદા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મધુભાઈ પટેલ સાથે જ તાલુકા પંચાયતના સદસ્ય યોગેશભાઈ દેસાઈ તથા રસિકભાઈ પટેલ વાંસદા સંગઠનના ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ પટેલ વાંસદા સંગઠનના મંત્રી શ્રી કલ્પનાબેન સોલંકી તથા જયભાઈ કડીવાળા સાથે જ લાખાવાડી ગામના સરપંચ ધર્મેશભાઈ તથા જેમના ઘરે આ કાર્યક્રમ યોજાયો હતો એ પૂનમભાઈ પટેલ વાંસદા મહિલા મોરચાના પ્રમુખ નીરૂબેન પટેલ વાંસદા ભારતીય જનતા પાર્ટીના યુવા કાર્યકર ભાવિકભાઈ તથા યસેસભાઈ, ગ્રામજનો દક્ષેશભાઈ, ઉકડભાઈ, રમેશભાઈ, નારણભાઈ, ઠાકોરભાઈ, કાંતિભાઈ, દલપતભાઈ, ચંદ્રકાંતભાઈ, મોહનભાઈ તથા ભાવેશભાઈ હાજર રહ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ગ્રામજનો સાથે ગામની સમસ્યા અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી અને તેના ત્વરિત નિકાલ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

# આંગલધરાની નહેરમાંથી શેરડી કાપવા ગયેલા ડાંગના યુવાન લાશ મળી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાંસદા, તા. ૨૮ :** પોલીસ સૂત્રથી પ્રાપ્ત માહિતી મુજબ શૈલેષભાઇ રાયસીંગભાઈ પવાર (ઉ.વ.૪૩ રહે.દિવડયાવન નિશાળ ફળીયા તા.વઘઇ જી.ડાંગ) જેઓ હોળીનો તહેવાર પુરો થયા બાદ તેમના પરિવાર સાથે મહુવા તાલુકામાં શેરડી કાપવાની મજૂરી કામે ગયા હતા. તે દરમ્યાન આંગલધારા ગામે ડેરી પાસે નહેરના કિનારે પડાવ રાખી રહેતા હતા. આ દરમ્યાન શૈલેષ પવાર તા. ૨૫/૦૪/૨૦૨૫ ના રોજ નહેરના પાણીમાં પગ ધોતી વખતે નહેરના પાણીમાં પડી જતા તણાય ગયો હતો, જેની શોધખોળ કરતા બીજા દિવસે તા.૨૬/૦૪/૨૦૨૫ ના રોજ સવારે વાંસદા તાલુકાના ઝરી ગામે ડુંગરી ફળીયામાં વહેતી નહેરના પાણીમાંથી તેમની લાશ મળી આવી હતી. આ સમગ્ર બનાવ અંગે ગુમાન રાયસીંગભાઈ પવાર (રહે. દિવડયાવન નિશાળ ફળીયા તા.વઘઇ જી. ડાંગ ) એ વાંસદા પોલીસ મથકે ફરિયાદ આપતા અકસ્માતે મોતનો ગુનો નોંધાયો હતો.

# નવસારીના તોરણીયાસરામાં બિનનિવાસી પર્વતારોહણ તાલીમ શિબિર યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**નવસારી, તા. ૨૮ :** રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશનર, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી નવસારી દ્વારા સંચાલિત બિનનિવાસી પર્વતારોહણ તાલીમ શિબિરનું વાંસદા તાલુકાના તોરણીયા સરા ખાતે આયોજન કરવામાં આવ્યુંછે. આ તાલીમ શિબિરમાં જોડાવા માટેનું નિયત નમૂના મુજબનું અરજીપત્ર કચેરીએથી મેળવી આગામી તાઁ૧૫/૦૫/૨૦૨૫ સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૧૬૦૭, કામાક્ષી, પ્રથમમાળ, સ્વપ્નલોક સોસાયટી, કાલિયાવાડી, નવસારી-૩૯૬૪૪૫. Email: (1) dydonavsari28@gmail.com મોકલી આપવાનું રહેશે. વહેલા તે પહેલાંના ધોરણે આવેલ અરજીપત્રની યોગ્યતા અનુસાર સાહસિકોની પસંદગી કરવામાં આવશે તેમજ શિબિરના સ્થળ, સમય અને તારીખ અંગે જાણ કરવામાં આવશે. જેની નોંધ લેવા નવસારી જિલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.

# નવસારી ૩૦ એપ્રિલ સુધી e-KYC ના કરાવનારનું અનાજ બંધ થશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**નવસારી, તા. ૨૮ :** ભારત સરકારની સુચનાનુસાર સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં ડાયરેકટ બેન્ક ટ્રાન્સફરનો લાભ મેળવવા માટે રેશનકાર્ડમાં નામ ધરાવતાં તમામ નાગરિકોનું ફરજીયાત આધાર બેઝ્ડ ઈ-કેવાયસી કરવાનું થાય છે. આ ઈ-કેવાયસી લાભાર્થી માય રેશન મોબાઈલ એપ્લીકેશન દ્વારા ઘરે બેઠાં ફેસ ઓથેન્ટીકેશન મારફતે જાતે કરી શકે છે. તે ઉપરાંત લાભાર્થી મામલતદાર કચેરીમાં જાતે આવી થમ્બ ઈમ્પ્રેશન આપીનેજ ગ્રામ પંચાયત ખાતે ઈ-ગ્રામ સેન્ટરમાં વીસીઈ મારફતેજ ગામ/શહેરની શાળાના શિક્ષકો-આચાર્યજ પોસ્ટ માસ્તર તથા સરકાર માન્ય વાજબી ભાવની દુકાનના સંચાલકો દ્વારા પીડીએસ પ્લસ મોબાઈલ એપ્લીકેશન મારફતે ઈ-કેવાયસી કરાવી શકે છે. તા.૨૫/૦૪/૨૦૨૫ સુધીમાં ખેરગામ તાલુકાનું-૯૫ક૪ વાંસદા તાલુકાનું-૯૨ક૪ ચીખલી તાલુકાનું-૯૨ક૪ ગણદેવી તાલુકાનું-૮૯ક૪ જલાલપોર તાલુકાનું-૮૪ક૪ નવસારી (ગ્રામ્ય) તાલુકાનું-૮૦ક૪ તથા નવસારી (શહેર) તાલુકાનું-૮૦કલાભાર્થીઓનું ઇ-કેવાયસી પુર્ણ થયેલ છે. તેમજ નવસારી (શહેર) તાલુકામાં-૨૨૨૮૮૪ નવસારી (ગ્રામ્ય) તાલુકામાં-૧૩૯૮૮૪ જલાલપોરમાં-૧૬૫૧૫૪ ગણદેવીમાં-૧૭૭૦૧૪ ચીખલીમાં -૧૩૩૭૫૪ વાંસદામાં -૧૫૬૯૧ તથા ખેરગામમાં -૨૫૪૮ લાભાર્થીના ઇ-કેવાયસી બાકીમાં છે. જેથી બાકી તમામ લાભાર્થીઓનું આગામી તા.૧ મેજ ૨૦૨૫ થી એનએફએસએ હેઠળ મળવાપાત્ર સબસીડીવાળું અનાજ બંધ થવા બાબતે પ્રશ્નો ઉપસ્થિત ન થાય તે માટે દરેક એનએફએસએ રેશનકાર્ડ ધારકોએ તથા રેશનકાર્ડમાં સમાવિષ્ટ તમામ સભ્યોનું ઉપર જણાવેલ સ્થળ જઈને અન્યથા જાતે ઈ-કેવાયસી કરાવી લેવા જિલ્લા પુરવઠા અધિકારીજ નવસારી દ્વારા અખબારી યાદી મારફત ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

# ખેરગામ કુમાર શાળાના શિક્ષક નો વિદાય સન્માન સમારંભ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ખેરગામ, તા. ૨૮ :** ખેરગામ પ્રા.કુમારશાળાના ઉપશિક્ષકશ્રી અમ્રતભાઈ મ.પટેલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા આચાર્ય પ્રશાંત પટેલ, શિક્ષક સંઘ પ્રમુખ દિવ્યેશકુમાર, ખેરગામના -થમ નાગરિક સરપંચ ઝરણાબેન, ઉપસરપંચ જીગ્નેશ પટેલ, ફતેસિંહ, ઉમેદસિંહ માજી સરપંચ કાર્તિકભાઈ, ડૉ. ગિરીશભાઈ, રોશન વ્હોરા વિ. તથા શાળા પરિવાર તથા ખેરગામના આગેવાનો-ગ્રામજનોએ અંતઃકરણ પૂર્વક સન્માનપત્ર અર્પણ કરી ઉષ્માસભર વિદાય, અભિવાદન કરતાં અમ્રતભાઈએ અનેરો આનંદ અને ગૌરવની લાગણી અનુભવી સૌનો અદભુત પ્રેમ લાગણી બતાવવા બદલ અનુભવો વર્ણવી સૌનો શાબ્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

વાંદરાવેલા(વાગળી ફ.) તા. વાંસદામાં ૧૯૬૭માં ડાંગમાં સેવકસેવા બજાવતા મગનભાઈ,મા-ભીખીબેન( ત્રણ રૂપિયા રોજ મજૂરી)ને ત્યાં જન્મી, શરૂઆતથી શિક્ષણ જગતને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી તા. ૨૬/૧૨/૧૯૮૬ ના દિને શિક્ષણ ક્ષેત્રે દાખલ થઈ અંકલાસ કેન્દ્ર શાળા-ઉમરગામથી ૧૨/૧૯૮૬ માં શિક્ષકની નિમણૂક મેળવી, બાદમાં મગોદ ડુંગરી પ્રા શાળામા ચારેક વર્ષ શિક્ષણ સેવા કરી તા. ૫/૦૫/૨૦૦૧ થી ખેરગામ કુમાર શાળામાં શિક્ષિકાધર્મપત્ની શોભનાબેન સંગ હાજર થઈ ૨૪ વર્ષ સુધી શિક્ષણસેવા સાથે કુલ વર્ષ ૩૮-૦૫-૫ દિન માતા સરસ્વતીની આરાધના કરી વયનિવૃત્ત થયા.

મીતભાષી વિદ્યા શિસ્ત આગ્રહી અમ્રતભાઈએ કુમારશાળાના મકાન બાંધકામમાં પણ યત્કિન્ચિત ફાળો આપેલ, કપરાં કોરોના કાળમાં ઝૂંપડે ઝૂંપડે જઈ બાળકોને શિક્ષણ આપ્યું હતું. નિવૃત્ત થતાં રૂ.૫૧ હજાર શાળાના ગરીબ બાળકોની ભૌતિક સુવિધા માટે અર્પણ કરી રામજી મંદિર સંકુલના સાંસ્કૃતિક ખંડમાં વિદાય સમારંભ સંપન્ન થતા, કુમાર તથા રતનબાઈ કન્યાશાળાના તમામ બાળકો, આમંત્રિત મહેમાનો અને ગ્રામજનોને મહાપ્રસાદનું વિતરણ કર્યું હતું.

માતૃ શાળા, વિદ્યાર્થીઓ, વાલીઓ, એસ.એમ.સી સભ્યો. આચાર્યશ્રીઓ, શિક્ષકગણ તરફથી મળેલ સહકાર, શુભકામનાઓનો અમ્રતભાઈ પરિવારે સાભાર સ્વીકાર કરી સૌનો ઋણ સ્વીકાર કર્યો હતો.

# વાંસદાની પીપલખેડ હાઈસ્કુલમાં વય નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાંસદા, તા. ૨૮ :** શ્રી એલ આર કોન્ટ્રાકટર વિદ્યાલય પીપલખેડ હાઈસ્કૂલમાં માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષક પ્રકાશભાઈ પટેલ નો વય નિવૃત્તિ કાર્યક્રમ શાળાના આચાર્ય એસ.વી પટેલ ની અધ્યક્ષતામાં યોજાયો.

કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરી ત્યારબાદ શાળાની બાળાઓએ પ્રાર્થના કરી હતી, શાળાના આચાર્ય એસ વી પટેલે ઉપસ્થિત તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી, માધ્યમિક વિભાગના નિવૃત્ત પ્રકાશભાઈ પટેલ જેમણે ૨૩ વર્ષ જેટલી સેવા શાળામાં ફરજ બજાવી ગુજરાતી વિષયનું જ્ઞાન બાળકોને આપતી હતું તેનો પરિચય આપી તેમની સેવાને બિરદાવી હતી. કાર્યક્રમમાં પીપલખેડ ગામ સરપંચના પ્રતિનિધિ મહેશભાઈ, શાળાના નિવૃત્ત પીટી શિક્ષક અને ભાજપ જિલ્લા મહામંત્રી ગણપતભાઈ, એલએમપી હાઈસ્કુલ બીલીમોરા આચાર્ય કેતનભાઈ, શાળાના ભૂતપૂર્વ વય નિવૃત્ત તમામ કર્મચારી મિત્રો અને નિવૃત્ત પ્રકાશભાઈ ના તમામ પરિવારના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના મેનેજમેન્ટ ટ્રસ્ટઓ દ્વારા પણ શુભેચ્છા આપવામાં આવી હતી, શાળાના ભૂતપૂર્વ સુપરવાઇઝર અશોકભાઈ, કેતનભાઈ અને ગણપતભાઈ નિવૃત્ત પ્રકાશભાઈનો સંઘર્ષ સાથેનો પરિચય અને સ્મરણોને વાગોળ્યા હતા, માધ્યમિક વિભાગના શિક્ષક હેમંતભાઈ દ્વારા પણ પ્રકાશભાઈની યાદોને તાજા કરી હતી, સન્માન પત્રનું વાંચન નિકેતાબેન દ્વારા કરવામાં આવ્યું, આચાર્ય અને શાળા પરિવાર દ્વારા શાલઓઢાડી સન્માન પત્રનું અર્પણ અને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. શાળાની વિદ્યાર્થીની દ્વારા વિદાય ગીત રજૂ કરવામાં આવ્યું હતું, આભાર વિધિ લક્ષ્મણભાઈ દેશમુખ દ્વારા કરવામાં આવી સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીપીનભાઈ દ્વારા કરવામાં આવ્યું.

# ચિંચલીમાં ૧૧ રસ્તાઓના ખાતમુહૂર્તનો કરાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**આહવા, તા. ૨૮ :** ગુજરાત વિધાનસભા નાયબ દંડક વિજયભાઈ પટેલની ઉપસ્થિતમા તારીખ ૨૬ એપ્રિલના રોજ પુર્વ પટ્ટી વિસ્તારના ચિંચલી ખાતે આહવા અને સુબિર તાલુકાના, પંચાયત માર્ગ અને મકાન વિભાગના હસ્તકના કુલ ૧૧ રસ્તાઓના જે કુલ રૂપિયા ૧૧૬૨.૪૦ લાખના ખર્ચે નિર્માણ થનારા વિવિધ રસ્તાઓનું ખાતમુહૂર્ત કરાયું હતું.

આહવા અને સુબિર તાલુકા વિસ્તારના પ્રતિનિધિઓ તેમજ લોકો દ્વારા રસ્તાની માંગણીઓને ધ્યાને રાખી સરકારમાં રજુઆત કરી પૂર્વ પટ્ટી વિસ્તાનાં મહત્વના રસ્તાનું ખાતમુહર્ત કરાયું છે. જે રસ્તાઓ સ્થાનિક લોકો માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે તેમ વિધાનસભા નાયબ દંડક વિજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું.

આ રસ્તાઓ સજ્જડ અને સારાં રસ્તાઓ બને તે માટે ઈજારદાર અને સ્થાનિક આગેવાનો પણ ધ્યાન રાખે જરૂરી છે. આ સાથે જ ડાંગમાં વિકાસનાં કાર્યો કરવાં સતત પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે ગ્રામજનો પણ સરકાર અને વહીવટી તંત્રને સહયોગ આપે તે જરૂરી છે તેમ વિજયભાઈ પટેલે જણાવ્યું હતું.

વધુમાં ડાંગનું પાણી ડાંગમાં જ રોકાય તે માટે પૂર્વ પટ્ટી વિસ્તારમા વિયર બનાવી પાણી રોકવાં માટેના હાલ પ્રયત્નો ચાલી રહ્યાં છે જ્યારે તાજેતરમાં જ વાહુટીયા ગામે તૈયાર થયેલ વિયર લોકો માટે ખુબ જ ઉપયોગી થશે. આ ઉપરાંત સમગ્ર ડાંગમાં જરૂરિયાત પ્રમાણે વિયર ડેમો બનાવવામાં આવશે.

જેથી પીયત ની સુવિધાઓ ઉભી કરી શકાશે. હાલમાં ડાંગગ જિલ્લામાં તાપી આધારિત ૮૬૬ કરોડ ની યોજના પ્રગતિ હેઠળ છે. જેનાથી લોકોને પીવાનું સ્વચ્છ પાણી મળી રહેશે તેમ શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું. આહવા તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ડાંગનાં પૂર્વ પટ્ટી વિસ્તારમા સરકાર દ્વારા લોકોને આવાગમન માટે રસ્તાની તકલીફો ના પડે તે માટે સુજ્જ અને સારાં રસ્તાઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, તેમજ ૮૪ કરોડનાં વિવિધ ડેમો મંજુર કરાયા છે. તેમજ આવનાર સમયમાં પ્રજાના વિવિધ નાનાં મોટાં તમામ પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવશે.

આહવા તાલુકાના પંચાયત માર્ગ અને મકાન વિભાગ હસ્તકના ૧) T-૧૧ ચિંચલી ગારખડી રોડ, કી.મી ૯.૨૦ જેની વહીવટી મંજુરીની રકમ ૪૯૮.૦૦ લાખ, ૨) ડાંગ જિલ્લાના ચીચધરા ગામે મેઅન રોડ થી બરડા ફળીયા સુધી ડામર રોડનું કામ કી.મી ૧.૦૦ જેની વહીવટી મંજુરીની રકમ ૩૨.૦૦ લાખ, ૩) ચિંચલી ગામે મેઈન રોડ થી નિશાળ ફળિયા રોડ કી.મી ૧.૦૦ જેની વહીવટી મંજુરીની રકમ ૩૨.૦૦ લાખ, ૪) ચિંચલી મહારદર રોડ કી.મી ૦.૭૫ જેની વહીવટી મંજુરીની રકમ ૭૫.૦૦ લાખ, ૫) ચિંચલી ગામે મેઈન રોડ ટુ ખાતળ ફળીયા રોડ કી.મી ૧.૦૦ જેની વહીવટી મંજુરીની રકમ ૩૨.૦૦ લાખ, જ્યારે સુબીર તાલુકાના હસ્તકના ૧) આહિરપાડા ઝરી વાડીયાવન રોડ, કી.મી ૧.૦૦ જેની વહીવટી મંજુરીની રકમ ૧૪૦.૮૦ લાખ, ૨) ગારખડી કાટીસ ફળિયા રોડ કી.મી ૪.૯૦ જેની વહીવટી મંજુરીની રકમ ૧૮૨.૦૦ લાખ, ૩) ગારખડી સરપંચ ફળિયા રોડ કી.મી ૧.૦૦ જેની વહીવટી મંજુરીની રકમ ૩૭.૦૦ લાખ, ૪) વંઝારધોડી વી.એ.રોડ, કી.મી ૧.૬૫ જેની વહીવટી મંજુરીની રકમ ૫૯.૨૦ લાખ, ૫) બદિનાગાવઠા વી.એ રોડ, કી.મી ૧.૨૦ જેની વહીવટી મંજુરીની રકમ ૪૪.૪૦ લાખ, ૬) આહીરપાડા થી બિલબારી રોડ, કી.મી ૦.૮૦ જેની વહીવટી મંજુરીની રકમ ૩૦.૪૦ લાખ, જે કુલ ૧૧૬૨.૪૦ લાખના ખર્ચે નિર્માણ થનારા રસ્તાઓના નવીનીકરણ/કાચા ડામર રસ્તાની કામગીરી માટે વિધાનસભા નાયબ દંડકશ્રીએ ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ નિર્મળાબેન ગાઈન, બાંધકામ સમિતિ અધ્યક્ષ ચંદરભાઈ ગાવિત, આહવા તાલુકા પંચાયત પ્રમુખ સુરેશભાઈ ચૌધરી, વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ ચંદરભાઈ ગાવિત, સહિતના જિલ્લા અને તાલુકાના સદસ્યો, ગુજરાત પ્રદેશ આદિજાતિ મોરચાના મંત્રી સુભાષભાઈ ગાઈન, સહિત પંચાયત માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દમણ રેડિયો

**102.3 FM**

**મંગળવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરિત માણસગાન ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - વણ માધુરી (દમણથી), ૯.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૧૦.૩૦ અમદાવાદ વડોદરાથી પ્રસારિત કાર્યક્રમો, ૦૧. ૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. (સાજે પાંચ.૩૦ વાગ્યા સુધી) **સાંજે :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭-૨૦ કિસાન વાણી (દમણથી), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો. ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ - સભા સમાપન




## આજનું પંચાગ

**તા.** ૨૯-૦૪-૨૦૨૫, **વારઃ** મંગળવાર **તિથિઃ** બીજ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧ **સૂર્ય ઉદયઃ** ૦૬:૦૮ **સૂર્ય અસ્ત :** ૧૯:૦૫ **ચંદ્રરાશિઃ** વૃષભ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.*
**વૃષભ(બ.વ.ઉ) :** *આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય.*
**મિથુન(ક.છ.ઘ) :** *આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે.*
**કર્ક(ડ.હ) :** *આજના દિવસે સવારે કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે.*
**સિંહ(મ.ટ.) :** *સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો.*
**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો.*
**તુલા (ર.ત.) :** *આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે.*
**વૃશ્ચિક(ન.ય.) :** *આજના દિવસે તમારા વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે.*
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજે કોઈ વાત પર નિરાશ ન થાવ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.*
**મકર(જ.ખ) :** *આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા?*
**કુંભ(ગ.શ.સ.) :** *આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.*
**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ.*

# બાલદામાં કનુભાઈ દેસાઈના હસ્તે ગવર્મેન્ટ સાયન્સ કોલેજનું લોકાર્પણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વલસાડ, તા. ૨૮ : પારડી જી.આઈ.ડી. સી. ખાતે રૂા. ૨૦ કરોડના ખર્ચે તૈયાર થયેલી પારડી સાયન્સ કોલેજનું રાજયના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ વલસાડ લોકસભા દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઇ પટેલની ઉપસ્થિતિમાં ખુલ્લી મૂકી હતી.

આ પ્રસગે રાજયના નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ જણાવ્યું હતુ કે, પારડી કોલેજની શરૂઆત પારડી શિશુમંદિર સ્કૂલથી કરવામાં આવી હતી ત્યારબાદ આ જગ્યા ઓછી પડતા જૂની મામલતદાર કચેરી ખાતે સાયન્સ કોલેજ કાર્યરત હતી. જે હવે પારડી જી. આઇ. ડી. સી. ખાતે રૂા. ૨૦ કરોડના ખર્ચે નવનિર્મિત બિલ્ડીંગમાં આકાર પામતા ચાલુ સત્રથી વલસાડ જિલ્લાના સાયન્સના વિદ્યાર્થીઓને નવા સત્રાથી અદ્યતન સુવિધાવાળી કોલેજ મળશે. વલસાડ કરતા પારડીની સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓની એડમિશનની એન્ટ્રીઓ વધુ આવી છે એમ મંત્રીએ આ વેળા જણાવ્યું હતું.

મંત્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અનેક વિકાસના કામો થઇ રહયા છે. ગુજરાતમાં શિક્ષણનું સ્તર સુધરી રહયુ છે. આઇ. એ. એસ. અને આઇ. પી. એસ. ના પરિણામમાં પણ ગુજરાતીઓ સારા માર્કસે પાસ થઇ રહ્યા છે. કોમ્પ્યુટર સાયન્સથી લઈને શિક્ષણ એટલું આગળ વધી ગયુ છે કે દરેક તાલુકા કે વિધાનસભા વિસ્તારમાં સાયન્સ કોલેજ હોવી અગત્યનુ બની ગયુ છે.

લોકસભા દંડક અને વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઇ પટેલે વલસાડ જિલ્લામાં આપણા નવયુવાનોને સારામા સારૂ ભણતર મળે અને સાથોસાથ રોજગારી પણ મળી રહે તે માટે કેન્દ્ર સરકારના સ્કીલ મંત્રાલય સાથે વાત કરીને સ્થાનિક યુવાનોને રોજગારી મળી રહે તેવા પ્રયાસો કરવા જણાવ્યુ હતું.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર જતીન પટેલે અને આભારવિધિ પારડી સાયન્સ કોલેજના આચાર્ય શ્રીમતી હેતલબેને કરી હતી. આ કાર્યક્રમમાં માજી સાંસદ ડૉ. કે. સી. પટેલ, પારડી તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષેશ પટેલ, નગરપાલિકા પ્રમુખ ચેતનભાઇ, સંગઠન મહામંત્રીઓ કમલેશ પટેલ અને શિલ્પેશ દેસાઇ હાજર રહયા હતા.

ગ્રાઉન્ડ પ્લસ બે માળનું મકાન જેનો બિલ્ટ અપ એરીયા ૬૦૧૦ સ્કે. મી. જેમાં ૨૦ કલાસરૂમ અને ૧૨૦૦ વિદ્યાર્થીઓની કેપેસીટી છે.

ગ્રાઉન્ડ ફલોર પર ૧ કલાસરૂમ, ૧ કેમેસ્ટ્રી લેબ, ૧ કેમિકલ સ્ટોર, પ્રીપરેશન રૂમ, ગ્લર્સ રૂમ, કોમ્પ્યુટર સેન્ટર, સ્ટાફ રૂમ, એડમીન એસ્ટાબ્લીસ્મેન્ટ, એકાઉન્ટ રૂમ, સ્ટુડન્ટ સેકશન, એચઓડી રૂમ, લાયબ્રેરી ફર્સ્ટ ફલોર પર ૬ કલાસરૂમ, ૨- ફીઝીકસ લેબ, બોટની લેબ, ઝુલોજી લેબ, ડાર્ક રૂમ, સેમીનાર હોલ

સેકન્ડ ફલોર પર ૧૩ કલાસરૂમ, સ્ટુડીયો/ડ્રોઇંગ હોલ, ૨- સ્ટોરરૂમ, માયક્રોબાયોલોજી લેબ છે.

દરેક ફલોર પર વોટર કુલર, લેડીઝ અને જેન્ટસ ટોયલેટ, ઈલેકટ્રીફિકેશન વર્ક, ફર્નીચર તથા બિલ્ડીંગમાં બે લીફટનો સમાવેશ થયો છે. આ ઉપરાંત કોલેજ કેમ્પસમાં સમ્પ રૂમ, એકસ્ટ્રનલ સેનેટરી, ઈન્ટરનલ સીસીસી રોડ, પાણી માટે બોર, રેઈન હાર્વેસ્ટીંગ સીસ્ટમ, રીટેનીંગ વોલ કંમ્પાઉન્ડ વોલ, પાર્કિગ શેડ અને ફાયર સેફટી સીસ્ટમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# કરજગામ લાલ પાણીનો મુદ્દો ગુજરાત રાજ્ય માનવ આયોગમાં પૂર્ણ

## દાવા સામે પક્ષકારોની રજૂ થયેલી ખોટી દલીલો અને પ્રકરણ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ સંલગ્ન હોવાથી એનજીટીમાં ન્યાય માટે અપીલ કરવા કરેલું સૂચન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ઉમરગામ, તા. ૨૭ : જીઆઈડીસી ફરતે વીંટળાયેલી માનવ વસાહતો માટે રાહતના સમાચાર પ્રાપ્ત થઈ રહ્યા છે. કરજગામ લાલ પાણીનો મુદ્દો હવે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં ન્યાય માટે રજૂ કરવામાં આવશે. આ પ્રકરણ ગુજરાત રાજ્ય માનવ આયોગમાં પૂર્ણ કરવામાં આવ્યું છે અને આ મુદ્દો નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલને સંલગ્ન હોવાનું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે અર્થાત્ રજૂઆત ખોટી છે એવું અર્થઘટન કરવામાં આવ્યું નથી પરંતુ ન્યાય માટે એનજીટીમાં રજૂઆત કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેથી લાલ પાણીના મુદ્દે ન્યાય માટે સંઘર્ષ કરી રહેલા આગેવાનોની શક્તિ બેવડાઈ જવા પામી છે. વધુમાં કરજગામ લાલ

પાણીના મુદ્દાની પર્યાવરણના રક્ષણ માટે નેશનલ લેવલે લડાઈ ચલાવતી સંસ્થાઓ દ્વારા પણ નોંધ લેવામાં આવી રહી છે. જેનો લાભસ્થાનિક સ્તરે પર્યાવરણ મુદ્દે લડાઈ ચલાવતા સ્થાનિક આગેવાનોને મળશે એવું જણાવી રહ્યું છે. ખાસ કરીને પર્યાવરણના રક્ષણ માટે નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ તેમજ ઉચ્ચ સ્તરે રજૂઆત કરવા માટે જરૂરી માર્ગદર્શન અને મદદરૂપ થશે એવા સંજોગો દેખાતા સ્થાનિકોનું મનોબળ મજબૂત થવા પામ્યું છે.

આ ઉપરાંત નજીકના ભૂતકાળમાં સરીગામ જીઆઈડીસીની ફરતે વીંટળાયેલી માનવ વસાહત પર પ્રદૂષણથી રાહત અપાવવામાં એસવીએનઆઈટી સુરતની શૈક્ષણિક સંસ્થાનો ઉપકાર રહેલો છે. પારસી ટ્રસ્ટ દ્વારા હાઈકોર્ટમાં પિટિશન દાખલ કર્યા બાદ એસવીએનઆઈટીએ સર્વેની કામગીરી હાથ ધરી હતી અને દરેક કંપની દ્વારા લાંબા સમયથી ચાલતી ગેરરીતી અને -દૂષણ ફેલાવવાની નીતિની પોલ ખુલી જવા પામી હતી. તેવી જ રીતે તાજેતરના કરજગામ લાલ પાણીના મુદ્દે એસવીએનઆઈટીએ રીધન કેમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીનો રજૂ કરેલો હાઈડ્રોજિયોલોજીકલ રિપોર્ટ રામબાણ તરીકે ઉપયોગી સાબિત થશે એવું જણાઈ રહ્યું છે. કરજગામ લાલ પાણીના મુદ્દે નેશનલ સ્તર સુધી સંઘર્ષ કરનાર આગેવાન વિપુલભાઈ ભોયર, એડવોકેટ મિતેશભાઈ પટેલ, આગેવાન કમલેશભાઈ ધોડી, મનીષભાઈ ધોડી અને એમની સંપૂર્ણ ટીમને અસરગ્રસ્ત વિસ્તાર સરીગામ, કરજગામ, માંડા અને પુનાટ ગામની જનતાનું પૂરેપૂરું સમર્થન પ્રાપ્ત થતા એમનું મનોબળ અને શક્તિ બેવડાઈ જવા પામી છે.

# ધરમપુરની શાળાના મહેન્દ્રસિંહ પરમારના પુસ્તક વિમોચન સમારંભ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ધરમપુર, તા. ૨૮ : ધરમપુર તાલુકાના નવીનગરી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અને વાંકલ ગામના વતની મહેન્દ્રસિંહ પરમારનાં સેવા નિવૃત્તિ પ્રસંગે ભાવોક્ત સહ અભિવાદન અને પુસ્તક વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ જીલ્લા પંચાયતના -મુખ મનહરભાઈ પટેલના હસ્તે શાલ, સન્માન પત્ર અને સ્મૃતિ ચિન્હ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

મનહરભાઈ પટેલે આ પ્રસંગે નિવૃત્ત થતા શિક્ષકશ્રીને ખુબ ખુબ શુભકામનાઓ પાઠવીને તેમની સાથેના વિશિષ્ટ સંસ્મરણોને વાગોળતા તેમના દ્વારા શિક્ષક તરીકે સમાજને આપેલ સુદીર્ઘ સેવાઓને બિરદાવી હતી.

શાળા સ્ટાફ અને મહેન્દ્રસિંહ દ્વારા સૌને આવકારઅનેદીપ પ્રાગટયસાથે પ્રાર્થના અને સ્વાગતગીતદ્વારા કાર્યક્રમની શરૂઆત થઈ હતી. મહેન્દ્રસિંહ દ્વારા લિખિત પાંચનું પુસ્તક 'પ્રગલ્ભતા'નું વિમોચન પ્રજાપિતાબ્રહ્માકુમારીધરમપુરનાં પૂજ્યવીણાદીદીના હસ્તે કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય અરવિન્દભાઈ પટેલે અને રાજ્ય શિક્ષક સંઘનાં ગોકુળભાઈ પટેલે પણ આ પ્રસંગે પ્રેરક ઉદબોધન કર્યું હતું. પ્રાસંગિક ઉદબોધન અંતર્ગત ભાવોક્ત સ્વરૂપે શાળાનીવિદ્યાર્થીની-દિયા, ભૂતપૂર્વવિદ્યાર્થીની-દિક્ષિતા, દીકરીડો. રિદ્ધિપરમાર (BAMS), આશાબેન, આસુરાહાઈસ્કુલ, વિજયસિંહ પરમાર, શાળાના વિદ્યાર્થી અને હાલ ક્લાસ-૨ના અધિકારી મનીષભાઈ ચૌધરી,વાંસદાનાડૉ. કમલેશભાઈ ઠાકોર, BRC નેહલબેન વગેરે દ્વારા મહેન્દ્રસિંહ સાથે સંકળાયેલ સંસ્મરણો સાથે પ્રેરક વાતો કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મહેન્દ્રસિંહ પરમાર વર્ષ ૨૨-૨૩ના ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડમાં શિક્ષણ વિભાગ દ્વારા સન્માનિત છે.

મહેન્દ્રસિંહ તેમની વિશિષ્ટ શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક સેવાઓ માટે અગાઉ ચિત્રકૂટ એવોર્ડ અને જ્ઞાનભૂષણ પુરસ્કાર, ધરમપુરના પત્રકારરત્ન એક્સિલન્સ એવોર્ડ વિજેતા શ્રી મહેશભાઈ ટંડેલ દ્વારા લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ, પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ ૨૦૨૫ જેવા વિશેષ એવોર્ડસથી પણ સન્માનિત છે. તેમની વિશિષ્ટ સેવાઓ બદલ બ્લડ બેન્ક, સામાજિક સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અલગ અલગ રીતે એમના કાર્યની નોંધ સતત લેવાતી રહેલી છે.

મહેન્દ્રસિંહે આ પ્રસંગે જણાવ્યું હતું કે ખંડુભાઈ હરિભાઈ દેસાઈ પુરુષ અધ્યાપન મંદિર, વાપીના પૂર્વ આચાર્ય મહાદેવભાઈ દેસાઈ એ પૃથ્વી પરના મહાદેવ છે કે જેમણે મારા જેવા કેટલાય તાલીમાર્થીઓને મદદરૂપ થઈને શિક્ષક બનાવ્યા. તેઓ ન મળ્યા હોત તો હું શિક્ષક ન બની શક્યો હોત. આ પ્રસંગે તેમને પોતાના માતાપિતા પ્રત્યે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

નવીનગરી શાળાની SMCનાં સભ્યો, શિક્ષકગણ તથા ગ્રામજનો અને શાળાના બાળકોએ પણ આ પ્રસંગે વિશેષ આનંદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. પોતાની આ કારકિર્દી, અનોખી સિદ્ધિઓ અને સન્માન માટે સદા માર્ગદર્શન અને સહાય કરનાર જિલ્લાના અધિકારીઓ, શાળાના પૂર્વ આચાર્યઓ, સ્ટાફના શિક્ષક મિત્રો, મિત્રો, સામાજિક અગ્રણીઓ, શાળાના દાતાઓ પ્રત્યે મહેન્દ્રસિંહ પરમાર આભાર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.

મહેન્દ્રસિંહ શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે પોતાની ઉમદા સેવાઓ આપવા સાથે રક્તદાન, સ્વચ્છતા, પર્યાવરણ અને બીજી અનેક સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે પણ સતત જોડાયેલા રહે છે. ૩૯ વર્ષની સુદીર્ઘ અને સ્વચ્છ શૈક્ષણિકકારકિર્દીના અંતે આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં ઉપસ્થિત તમામે મહેન્દ્રસિંહને અંતરથી શુભકામનાઓ પાઠવી હતી.

# કલગામમાં ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વલસાડ, તા. ૨૮ : ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. (જેટકો) દ્વારા વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ ખાતે રૂા. ૨૪.૮૫ કરોડના ખર્ચે નવનિર્મિત ૬૬ કે. વી. સબ સ્ટેશનનું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યા બાદ અનેકવિધ સુધારાઓ કર્યા. આદિવાસીઓ માટે વનબંધુ યોજના,માછીમારો માટે સાગરખેડૂ યોજના શરૂ કરી, જેની બજેટમાં અલગથી જોગવાઈ કરવામાં આવી છે. જે યોજનાઓનું આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈની રાહબરીમાં સારી રીતે અમલીકરણ થઇ રહ્યું છે. સાગરખેડૂ યોજનાથી કાંઠા વિસ્તારના સબ સ્ટેશન અને ડીજીવીસીએલની કચેરીઓ માટેની મંજૂરી આપવામાં આવે છે. મંત્રીશ્રીએ પદાધિકારીઓને ગામ, તાલુકા કે જિલ્લાના વિકાસ કરવો હોય તો પોઝીટીવ વલણ રાખી વિકાસ કાર્યો કરતા રહેતા જણાવ્યું હતું. ગુજરાતમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સહયોગથી વિકાસ કાર્યો થઇ રહયા છે. આજ પ્રમાણે વલસાડ જિલ્લામાં પણ અનેક વિકાસના કાર્યો થઇ રહયા છે.

મંત્રીએ આ પ્રસંગે સ્માર્ટ મીટર લગાવવા માટે કોઈપણ જાતની ગેરસમજ વગર લગાવવા માટે વિનંતી કરી હતી. સ્માર્ટ મીટરને લીધે દરેક ગ્રાહકને ફાયદો થાય છે એમ જણાવ્યું હતું. આ પ્રસંગે જેટકો વડોદરાના મુખ્ય ઈજનેર કે. બી. રાઠોડે સ્વાગત પ્રવચન અને જેટકો નવસારીના અધિક્ષક ઈજનેર પી. એન. પટેલે આભારવિધિ કરી હતી.

આ પ્રસગે જેટકો નવસારીના કાર્યપાલક ઈજનેર જે. એલ. ચૌધરી તેમજ જેટકો નવસારીના અધિકારી, કર્મચારીઓ અને કલગામના સરપંચ રોહિતભાઇ તેમજ ગ્રામજનો હાજર રહયા હતા.

# વલસાડમાં પોષણ પખવાડિયાના સમાપન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વલસાડ, તા. ૨૮ : વલસાડ જિલ્લાની આંગણવાડી કેન્દ્રોમાં પોષણ પખવાડિયાના સમાપન પ્રસંગની સાથે ઘટક કક્ષાએ કિશોરીઓ સાથે પૂર્ણા દિવસની પોષણ થાળી થીમ પર ઉજવણી કરી કિશોરીઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કરાયા હતા.

વલસાડ જિલ્લાની તમામ તાલુકાઓની આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસો દરમિયાન આઈસીડીએસ વિભાગ દ્વારા પોષણ પખવાડીયા એપ્રિલ-૨૦૨૫ અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણ શપથ, મમતા દિવસ તેમજ જીવનના પ્રથમ ૧૦૦૦ દિવસો વિશેની સમજ આપવામાં આવી હતી.

જિલ્લામાં પોષણ પખવાડિયા-૨૦૨૫ના સમાપન સાથે ઘટક કક્ષાએ ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીઓ દ્વારા પૂર્ણા દિવસની ઉજવણી નિમિત્તે પોષણ થાળી થીમ ઉપર ઉજવણી કરવામાં આવી હતી. અલગ અલગ પ્રવૃત્તિઓ જેવી કે કિશોરીઓના હિમોગ્લીબીનની તપાસ, વજન, ઉંચાઈ અને બીએમઆઈ, વિવિધ પ્રકારના ખાદ્યજૂથોનું મહત્વ, શરીરમાં પોષકતત્વોનું મહત્વ, અંગત સ્વચ્છતા, નાની ઉમરમાં લગ્ન ન કરવા વિષે સમજ આપવામાં આવી હતી. કિશોરીઓને પ્રોત્સાહિત કરવા આંગણવાડી કેન્દ્રીમાં ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. ઉજવણી નિમિત્તે જિલ્લાની આંગણવાડી કાર્યકરો દ્વારા પોષણ પખવાડિયા ૨૦૨૫ના સમાપનની સાથે પૂર્ણા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

# સુખાલામાં પોષણ પખવાડિયા ૨૦૨૫ ની પૂર્ણાહુતી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) વલસાડ, તા. ૨૮ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના સુખાલા ગામે આંગણવાડી કેન્દ્ર અને PHC પર પોષણ પખવાડિયા-૨૦૨૫ની પૂર્ણાહુતિ દિવસ તેમજ પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કપરાડા ઘટક-૨ ના સીડીપીઓ હસુમતીબેન દિવા દ્વારા નિશાણા ફળિયાના આંગણવાડી કેન્દ્ર પર સુખાલા ગામની કિશોરીઓને સ્વાસ્થ્ય અને આરોગ્યને લગતી સમજ આપવામાં આવી હતી.

નિયમિત મેડિકલ ચેકઅપ કરાવવા બાબતે, તેમજ પૂર્ણા શકિતના ઉપયોગ વિશે સમજ આપી રોજિંદા ખોરાકમાં નિયમિત ઉપયોગ કરવા અપીલ કરવામાં આવેલ હતી.

સુખાલા સેજાના મુખ્ય સેવિકા ટ્વિંકલબેને પૂર્ણા યોજના તેમજ પૂર્ણા કિટના મહત્વ અને ઉપયોગ વિશે સમજ આપી હતી. જેમાં ખાસ કરીને કૌશલ્ય વિકાસ અને કાયદાકીય માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ એનેમિયાના કારણો, લક્ષણો, અને નિવારણ વિશે વિસ્તૃત સમજ આપી સુખાલા ભ્રુણ્દ ખાતે આરોગ્ય તપાસ કરી તેઓના વજન ઊંચાઈ અને HB ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

જેમાંથી ૨ કિશોરીઓના HB ઓછા હોઈ મેડિકલ ઓફિસર દ્વારા તેઓની તપાસ કરી ટ્રીટમેન્ટ ચાલુ કરાવવામાં આવી હતી. સુખાલા ગામના આંગણવાડી કાર્યકર બહેનોની સક્રિય ભાગીદારી તેમજ સુખાલા PHCના મેડિકલ ઑફિસર અને આરોગ્યકર્મીઓના સહિયારા યોગદાનથી સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# ભેંસધરામાં ગુઢકા વિદ્યામંદિરનો લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ધરમપુર, તા.૨૮ : ધરમપુર તાલુકાના ભેસધરા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત ભારતીય જનસેવા સંસ્થાન સંચાલિત વનિતાબેન સોભાગચંદ શાહ ગુઢકા વિદ્યામંદિર ઉચ્ચતર માધ્યમિક શાળા નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ ડો. જયદીપ પટેલે મહેમાનોને આવકારી સંસ્થાનો પરિચય કરાવ્યો હતો આ પ્રસંગે ભીડભજન મહાદેવ મંદિર વલસાડથી પધારેલ પ. પૂ શિવજી મહારાજ એ કાર્યક્રમને મંગલ શુભકામના પાઠવી હતી અમૃત શાહ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા આ ઉપરાંત ભારતીય જનસેવા સંસ્થાન વતી ટ્રષ્ટિ ધર્મેન્દ્રસિંહ સોલંકી, સભ્ય અનિલભાઈ ગોયલ, સભ્ય મહેશભાઈ શાહ, ભેસધરાના સરપંચ ભરતભાઈ ડબકિયા, ઓસ્તવાલ એન્ડ કંપનીના ધર્મેશભાઈ શાહ, ભેસધરા ગામના સામાજિક કાર્યકર્તા મંગુભાઈ પાડવી ભારતીય જનસેવા સંસ્થાના ટ્રસ્ટી મંડળ તથા શાળા પરિવાર તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કપરાડાના અંભેટી કેવીકેમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ હેઠળ ખેડૂતોને મોડલ ફાર્મની મુલાકાત કરાવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) ધરમપુર, તા. ૨૮ : વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ જિલ્લાના ૨૬ કૃષિ સખી અને ૨૬ જેટલા સીઆરપી (કોમ્યુનિટી રિસોર્સ પર્સન) ની પાંચ દિવસીય તાલીમનો કાર્યક્રમ કપરાડા તાલુકાના અંભેટી ગામે સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં યોજાઈ રહ્યો છે. જે અંતર્ગત તાલીમાર્થી ખેડૂતોને વાપીના કરાયા ખાતે આવેલા પરાગભાઈ પટેલના મોડલ ફાર્મની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં પ્રાકૃતિક ખેતીથી થયેલી જમીનની ફળદ્રુપતા અને પાક અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સઃ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦


# વલસાડની આર્ટસ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા ૨૮ :** જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ વલસાડ માં ભૂતપૂર્વ વિદ્યાર્થીની સંમેલન યોજાયું. કાર્યક્રમનો શુભારંભ સરસ્વતી વંદના થી થયો હતો

કાર્યક્રમમાં મુખ્ય તરીકે જે.પી.શ્રોફ કોલેજના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી ધરમપુર વનરાજ કોલેજ ના અંગ્રેજી વિભાગના પ્રાધ્યાપક ડૉ. ચંદ્રહાસ નાયક , ડૉ. નિલીન્દી નાયક, હિન્દી ના પ્રાધ્યાપક ડૉ. ઈલમ ઠાકરે, માં ફાઉન્ડેશનના ચેરમેન નયન ચૌધરી , અર્થશાસ્ત્ર વિષયના પ્રાધ્યાપક દિવ્યેશ પટેલ ઉપસ્થિત રહ્યા. સંમેલન ની શરૂઆત માં હિન્દી વિષયના પ્રાધ્યાપિકા ડૉ. સોનલબેન સરાવિયા એ સૌનું શાબ્દિકને તુલસીના છોડ થી સ્વાગત કરી ઉત્સાહ માં વૃદ્ધિ કરી . ત્યાર બાદ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ ના પ્રમુખ પ્રો. જાગૃતિ પટેલે સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંસ્મરણો તાજા કર્યા તેમજ આ મંડળ દ્વારા કોલેજમાં ચાલનારી વિવિધ પ્રવૃત્તિઓ નો પરિચય આપ્યો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના કોલેજ જીવનના લાગણીસભર સંસ્મરણો સૌની સાથે વાગોળ્યા. વિદ્યાર્થીઓ દ્વારા કોલેજમાં ભવિષ્યમાં થનારા કેટલાક કાર્યક્રમો માટે પોતાના નવા વિચારો પ્રસ્તુત થયા અને આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, બૌદ્ધિક દરેક રીતે કોલેજ માટે પોતાની સેવાનો આપવાનો સૌએ શુભ સંકલ્પ લીધોહતો. અંગ્રેજી વિભાગના મદદનીશ પ્રાધ્યાપિકા મમતા પરદેશીએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું તેમજ ગુજરાતી વિભાગના પ્રાધ્યાપિકા ડૉ. હિમરશ્મિ માલી એ આભારવિધિ કરી સૌનો આભાર વ્યક્ત કર્યો. રાષ્ટ્રગીત ગાન સાથે કાર્યકમની પૂર્ણાહુતિ થઈ હતી.



વલસાડના ડુંગરી ગામે ડુંગરી સમસ્ત હિન્દુ સગઠન દ્વારા મોન રેલી કાઠી હાઈવે ઉપર સમસ્ત પહેલગામ માં આતંગવાદી ઓ દ્વારા ૨૬ નિર્દોષ લોકોની હત્યા થયેલા મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

શાંતિ પાઠ કરી, મોન પડી, મૃતકોના ફોટા આગળ મીણબત્તી સળગાવી શ્રદ્ધાંજલિ આપવમાં આવી હતી. આ રેલીમાં ડુંગરી તથા આજુબાજુના ગામો ના લોકો એ ભાગ લીધો હતો.

# વલસાડમાં બોક્સ ક્રિકેટનો નાણામંત્રીના હસ્તે ઉદ્દઘાટન



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા. ૨૮ :** વલસાડ શહેરના મદનવાડમાં સ્ટ્રાઈકરસ અરીના, બોક્સ ક્રિકેટ - ફૂટબોલ સ્ટ્રફ અને ક્રિકેટ એકેડમીનું ઉદ્ઘાટન નાણામંત્ર ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વલસાડના ધારાસભ્ય, વલસાડના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

વલસાડ શહેરના મદનવાડમાં સ્ટ્રાઈકરસ અરીના, બોક્સ ક્રિકેટ - ફૂટબોલ સ્ટ્રફ અને ક્રિકેટ એકેડેમીનું ઉદ્ઘાટન ગુજરાત સરકારના નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ સાથે સ્ટ્રાઈકરસ અરીના ક્રિકેટ એકેડેમીના સંચાલક તેજસભાઈ સોલંકી , સોનલબેન સોલંકી (જૈન) અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રી અને ધારાસભ્ય દ્વારા આ નવા ક્રિકેટ એકેડમીના ઉદ્ઘાટન પ્રસંગે પરિવારજનોને શુભકામના આપવામાં આવી હતી સાથે આ પ્રસંગે વલસાડના અગ્રણીઓ, ચૂંટાયેલા સભ્યો, નગરજનો અને વિવિધ સમાજ, સંપ્રદાય ના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડમાં અભય ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સમર કેમ્પ યોજાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૮ :** બાળકો વેકેશનમાં નવીન પ્રવૃત્તિઓ શીખે અને સમયનો સદુપયોગ કરે એવા હેતુથી એન. બી. પી. એસ.વી.એસ હાઈસ્કુલ સરભોણમાં અભય ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સમર કેમ્પ યોજાયો હતો. જેમાં મેડીટેશન, પ્રાર્થના, ડાન્સ, ક્રાફ્ટ વર્ક, ચિત્રકામ વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. બાળકો ડાન્સ કરીને ઝૂમી ઊઠયા હતાં. સંગીત ખુરશીની રમત રમીને બાળકોના ઉત્સાહમાં વધારો થયો હતો.

શાળાની આજુબાજુના ગામના સો કરતાં વધુ બાળકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. શાળા તરફથી બાળકો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ચિરાગભાઈ પોપટ દ્વારા અભય ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રેસિડેન્ટ ભાવનાબેન મિસ્ત્રીનું પુષ્પગુચ્છ, પુસ્તકો અને મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.

ટ્રસ્ટના વાઈસ પ્રેસિડેન્ટ અનિલભાઈ, સેક્રેટરી યજુર્વી મિસ્ત્રીનું પણ સન્માન કર્યું હતું. આ ઉપરાંત શાળાના સ્ટાફમિત્રોએ મોટી સંખ્યામાં હાજર રહીને સહકાર આપ્યો હતો. કાર્યક્રમના અંતે શાળાના આચાર્યએ અભય ફાઉન્ડેશન ટ્રસ્ટના સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મગોદ ડુંગરી વાણિયા સ્ટ્રીટ ખાતે ૧૮મો શ્રી વિષ્ણુ યજ્ઞ યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા. ૨૮ :** વલસાડ કાંઠાળ પંથકના મગોદ ડુંગરી વાણિયા સ્ટ્રીટ ખાતે આગામી તા. ૩૦ મી એપ્રિલના બુધવાર વૈશાખ સુદ અખાત્રીજે વિષ્ણુ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

યજ્ઞના મુખ્ય યજમાન પદે ળ પ્રજ્ઞેશકુમાર હસમુખભાઈ ટંડેલ તથા સાથે શ્રદ્ધાળું ધર્મપ્રેમી યુગલો જોડાશે. યજ્ઞનો સવારે ૮ - ૦૦ કલાકે શ્રી ગણેશ સ્થાપન વિધી સાથે બ્રહ્માચાર્યોના સાનિધ્યમાં યજ્ઞનો પ્રારંભ કરાશે. મહાપ્રસાદ બપોરે ૧૨ - ૩૦ થી ૨ - ૦૦ કલાકે ત્યારબાદ ૨ - ૦૦ જળયાત્રા નીકળશે. યજ્ઞની પુર્ણાહુતી સાંજે ૫ - ૦૦ કલાકે કરાશે. વાણિયા સ્ટ્રીટના આયોજકો દ્વારા યજ્ઞના કાર્યક્રમને સફળ બનાવવા તડામાર તૈયારીઓ કરાઈ રહી છે. યજ્ઞના દર્શન, પૂજન અર્ચનનો લાભ લેવા આયોજકો જણાવે છે.

આ વિસ્તારમાં અવારનવાર ધાર્મિક ઉત્સવો ઉજવાતા હોય છે. અહીં પવિત્ર શ્રાવણ માસમાં અખંડ ભજનકીર્તનની સપ્તાહ અને મહિલાઓ સોળ સોમવારનું વ્રત કરે છે જે વ્રત પૂર્ણ થતા જેની અનોખી ઉજવણી થાય છે. અહીં રામનવમી, જન્માષ્ટમી, શ્રી હનુમાન જ્યંતિ, ગણેશ મહોત્સવ અને નવરાત્રી જેવા ધાર્મિક ઉત્સવો ઉજવાય છે. અહીં અનોખા પ્રકારનો માહોલ હોય છે. ભક્તિના રંગે રંગાયેલું આ ગામમા ચાર યજ્ઞો થાય છે. શ્રી મગોદ ડુંગરી મહાજન પંચ, શ્રી માછી મહામંડળ, શ્રી સિમેન્સ મંડળ અને વાણિયા સ્ટ્રીટ અને કામદાર મંડળ દ્વારા સમૂહમાં સત્યનારાયનની મહાપુજા થાય છે. ગામના ભાવિકો દ્વારા દર અગિયારસ દર પૂનમ અને અમાસ તથા વદ બીજની પ્રભાતફેરી અને દર શનિવારે શ્રી હનુમાન ચાલીસા ગાવાની પરંપરા વર્ષોથી જાળવી રાખી છે અહીં દર વર્ષે ભાગવત મંડળ દ્વારા ભગવદ્ ગીતા રામાયણ અને શિવ કથા થતી હોય છે. અહીં જાણીતા કથાકારો, કલાકારો અને સંતો પણ આવ્યા છે.ધાર્મિક રંગોથી રંગાયેલું ધર્મપ્રેમીઓનું આ ગામમા દર શનિવારે ૫ - ૦૦ કલાકે મંદિરેથી ગામના મુખ્ય માર્ગ ઉપર શ્રી હનુમાન ચાલીસા પાઠ ગાવાની સાથે પ્રભાતફેરી ફરવાની પરંપરા આજે પણ ચાલુ છે.

# હાફૂસ કેરી નામશેષ થવાની ભીતિ વચ્ચે

# પ્રાકૃતિક ખેતી થકી ખેડૂતે ૫૦૦૦ કેરીનું ઉત્પાદન મેળવ્યું

**વલસાડ, તા. ૨૮ :** જગવિખ્યાત બનેલી વલસાડી હાફૂસ કેરી વલસાડ જિલ્લામાં નામ થવાની આરે થવાની સ્થિતિ સર્જાઈ રહી છે ગ્લોબલ વૉર્મિંગ ની અસર ના પગલે ખેડૂતો હાફૂસ કેરીનો પાક બચાવવા સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે આ વાસ્તવિકતા વચ્ચે જિલ્લા એક ખેડૂતે તેમની આંબાવાડીમાં ગાય આધારિત ખેતી કરવાની શરૂઆત કરતા આજે તેમની આંબાવાડીમાં હજારોમાં હાફૂસ કેરીનો પાક લહેરાઈ રહ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવા માટે મળેલા પ્રોત્સાહન તેમજ સહાય ના પગલે જતીનભાઈ પટેલે માત્ર ચાર દેશી ગાય ૧૧જેટલા ગોવંશના તથા સહારે તેમની આંબાવાડીમાં પ્રાકૃતિક ખેતીનો આરંભ કર્યો હતો જેના પગલે તેઓ આજ સુધી આફુસ કેરીનો પાક લેવામાં નિષ્ફળ સાબિત થયા નથી આ અંગે તેમણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે આત્મા પ્રોજેક્ટના નિયામક વિમલ પટેલના માર્ગદર્શનથી પ્રેરાઈને વર્ષ ૨૦૧૭ માં ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવાનો નિર્ણય લીધો હતો શરૂઆતમાં ચાર દેશી ગાય અને અન્ય ૧૧ જેટલા ગોવંશ નું પશુપાલન કરી ગૌ મૂત્ર સાથે જીવામૃત અને ધન પંચામૃત વી કુદરતી દબાવો બનાવી હતી મારી આંબાવાડીમાં આજે ૧૧૦૦ જેટલા આંબાની કલમોના ઝાડ છે જેમાં ૯૦ ટકા ઝાડો જગવિખ્યાતી વલસાડ હાફુસ કેરીના ઝાડો છે આ ઝાડ ઉપર સપ્ટેમ્બર થી એપ્રિલ મહિના દરમિયાન ૧૫ થી ૨૦ વખત ગૌમુત્ર જીવામૃત અને પંચામૃત જેવી દવાઓનું છંટકાવ કરતા આજે આંબાવાડી માં હાફૂસ કરીનો પાક લહેરાઈ રહ્યો છે ગ્લોબલ વૉર્મિંગના ના પ્રદૂષિત વાતાવરણમાં હાફૂસ કેરીનો પાક બચાવવા માટે ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવા પડી રહ્યો છે લાખો રૂપિયાનો ખર્ચ કરી રાસાયણિક દવાઓનો છટકાવ કરવા છતાં હાફૂસ કેરીનો પાક બચાવી શકતા નથી પ્રાકૃતિક દવાના છંટકાવને લઈ આંબાવાડીમાં આજે ૫૦૦૦ થી વધુ હાફૂસ કરી નો પાક ઉતારવાની સંભાવના છે જે કરીને વલસાડ મુંબઈ સુરત સહિત અન્ય શહેરોમાં એક્સપોર્ટ કરી સારી આવક મેળવી રહ્યો છું પ્રાકૃતિક ખેતી માટે તેમણે આત્મા પ્રોજેક્ટ ના નિયામક ને પ્રેરણાદાયી ગણાવી હતી. નામસેસ થવા જઈ રહેલી વલસાડી હાફુસ કેરી ના જુના જાડો કાપી ખેડૂતો પોતાની આંબાવાડીમાં કેસર કલમ કે અન્ય કલમો નાખી રહ્યા છે. દર વર્ષે વાતાવરણમાં પલટો આવતા હાફૂસ કેરી નો પાક ઓછો ઉતરતો હોય છે અને કેરી નાની થતી હોય છે. જેના કારણે ખેડૂતો ચિંતામાં મુકાઈ રહ્યા છે. આગામી દિવસોમાં વલસાડ જિલ્લામાં હાફૂસ કેરીના બદલે કેસર કેરીનું પ્રમાણ અને તેના ઝાડો વધે તો નવાઈની વાત નથી.

# વલસાડમાં પુસ્તક પરબની ત્રિવાર્ષિક ઉજવણી કરાઈ

**ડૉ.શરીફા વીજળીવાળાએ સાહિત્ય ચમત્કાર સર્જે છે એવી અનેક વાતો ઉદાહરણો સહિત આધારો સાથે રજૂ કરી : ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક હિમાંશી શેલતે ઉત્તમ પુસ્તકોનું સેવન કરવા કહ્યું જેથી આપણે માણસ તરીકે સ્થપાયેલા રહીએ**





**વલસાડ, તા. ૨૮ :** વિશ્વ પુસ્તક દિન નિમિત્તે વર્ષ ૨૦૨૨ માં વલસાડમાં શરૂ થયેલી પુસ્તક પરબને ત્રણ વર્ષ પૂર્ણ થતાં વલસાડની કોમર્સ કોલેજના એક્ટિવિટી હોલમાં ડૉ.શરીફા વીજળીવાળાની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી.

સૌનું સ્વાગત અને પુસ્તક પરબ વિશે માહિતી અને કાર્યક્રમનું સંચાલન ડૉ.આશા ગોહિલે કર્યું હતું. ડૉ.શરીફા વીજળીવાળાનો પરિચય હાર્દિક જી. પટેલે કરાવ્યો હતો. શરીફાબેને ગુજરાતી સાહિત્યને એમના અનુવાદ, વિવેચન, ચરિત્રનિબંધ તથા સંપાદનના કાર્યોથી સમૃદ્ધ કર્યું છે. એમના વિદ્વતાપૂર્ણ વક્તવ્યમાં ગુજરાતી સાહિત્ય, ભારતીય સાહિત્ય તથા વિશ્વ સાહિત્યની ઉત્તમ કૃતિઓ, કાવ્યોના પરિચય થકી ઘણી મહત્વની વાતો આપણા અંતરસત્વને ઝંઝોળતી, સ્પર્શતી સંવેદના સુધી પહોંચાડતી સાંભળવા મળી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે, યુગોથી વિશ્વમાં કોઈપણ પરિસ્થિતિ ઘટે ત્યાર પછી પ્રજા ફરીથી જીવે છે મૂળિયાં નાખે છે. પૃથ્વી પર આવી જીજીવિષા બીજા કોઈનામાં નથી. આપણે સૌ ધર્મનો ભેદભાવ ન રાખી સૌપ્રથમ માણસ બની રહીએ. આપણા ધર્મગ્રંથો સદભાવના શીખવે છે. પુસ્તકોનું મહત્વ તેમના વક્તવ્યમાં ખૂબ સરસ રીતે પ્રસ્થાપિત કરી આપ્યું છે. પુસ્તક વ્યક્તિનું ઘડતર કરે છે. પુસ્તક વાંચનાર પોતાના રસ્તો પોતે બનાવે છે. સાહિત્ય ચમત્કાર સર્જે છે. એવી અનેક વાતો એમણે એમના વક્તવ્યમાં ઉદાહરણો સહિત આધારો સાથે મૂકી હતી.

ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક અને વલસાડને કર્મભૂમિ બનાવી અબ્રામામાં વસવાટ કરનાર હિમાંશી શેલતે કહ્યું કે, પુસ્તક જ તમને ચોક્કસ દિશામાં લઈ જઈ શકે છે. ભક્તિના પ્રદર્શનમાંથી બહાર નીકળવું જોઈએ. ઉત્તમ પુસ્તકોનું સેવન કરો. જેનાથી આપણે માણસ તરીકે સ્થપાયેલા રહીએ. માણસ રહી શકીએ.

આ કાર્યક્રમમાં વલસાડ શહેરના શ્રેષ્ઠીઓ, પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિષ્ઠિત સાહિત્યકાર હિમાંશી શેલત, આશા શાહ, વિરેન્દ્ર શાહ, ડૉ.નરેશભાઈ ભટ્ટ, નિરીક્ષાબેન ભટ્ટ, રણજીતસિંહ ઠાકોર, રમેશ ચાંપાનેરી, ડૉ.યોગિની રોલેકર, ડૉ.પિયુષ પટેલ, આર્ટસ કોલેજના આચાર્ય બુટાણી, યોગેશ ભટ્ટ, મુદિતા મહેતા, ડૉ.દિનકર ટંડેલ, ડૉ.ભરત ઠાકોર, પ્રશાંત દેસાઈ, અશોક પટેલ, ભીખુભાઈ ભાવસાર, ભાવેશભાઈ રાયચા, નીલમભાઈ ખોબા, વર્ષાબેન ચૌધરી તથા સંધ્યા મેરીયા જેવાં નગરના નામાંકિત વ્યક્તિઓની હાજરીથી સમગ્ર કાર્યક્રમ દીપી ઊઠ્યો હતો. દેવરાજ બાપાના વાંસળીના સૂરથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કાર્યક્રમની આભારવિધિ ટીના પટેલે કરી હતી. પુસ્તક પરબની કામગીરી અંગે હાસ્ય કલાકાર રમેશભાઈ ચાંપાનેરીએ અભિ-નાય આપ્યો હતો. દિલીપભાઈ દેસાઈએ પુસ્તક પરબની જરૂરિયાતને ધ્યાનમાં લઈ ટહેલ નાખી હતી.

# વલસાડમાં આજે મુસ્લિમોની મૌન રેલી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા. ૨૮ :** આજે રાત્રે મગરીબની નમાઝ પઢાયા બાદ નાના તાઈવાડ મસ્જિદથી આઝાદ ચોક સુધી ગત ૨૨ મીના બૈસરન ઘાટી પહેલગામ રમણીય પર્યટન સ્થળે આતંકી કૃત્યમા ૨૭ નિર્દોષોની જઘન્ય હત્યાકાંડનો વિશ્વભરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે,જે અમાનવીય કૃત્ય વખોડવા માટે વલસાડ મુસ્લિમ સમાજના નાના તાઈવાડના મિસ્બાહ મૌલાના, સોહેલ ભખિયા, ઈમ્તિયાઝ પઠાણ, ખાટકીવાડ સિપાઈવાડ જનસેવા વિ. દ્વારા વિશાળ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ દેશપ્રેમી મુસ્લિમ બિરાદરોને મૌન રેલીમાં ઈસ્લામી લીબાસમાં શિરકત કરવા ગુજારીશ થઈ છે.

# કલવાડા હાઈસ્કુલમાં વિદ્યાર્થીઓની ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા. ૨૮ :** નવયુવક પ્રગતિ મંડળ સંચાલિત નવપ્રગતિ સાર્વે.હાઈસકૂલ કલવાડા ના આચાર્ય માર્ગદર્શન હેઠળ મૈત્રી સદભાવના ક્રિકેટ ટૂર્નામેન્ટનુ આયોજન કરાતા ધોરણ ૯ ૧૦ ની કુલ પાંચ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો

નવયુવક પ્રગતિ મંડળ સંચાલિત નવપ્રગતિ સાર્વે. હાઈસકૂલ કલવાડામાં આચાર્ય અનિલકુમાર અને અજીતસિંહ દેસાઈના માર્ગદર્શન હેઠળ મૈત્રી સદભાવના ક્રિકેટ ટૂર્નામેન્ટનુ આયોજન કરવામાં આવ્યું હતું.જેમા કલવાડા હાઈસ્કૂલ, કલવાડા પ્રાથમિક શાળા, ઠક્કરવાડા, પીઠા વગેરે ના ધોરણ ૯ અને ૧૦ ની કુલ ૫ ટીમે ભાગ લીધો હતો. આચાર્ય ના હસ્તે ટોસ ઉછાળવામા આવ્યો હતો. રમતની શરૂઆત રાષ્ટ્રગાનથી કરવામાં આવી હતી. ટૂનામેનટમા બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન , ચેમ્પિયન ટીમ અને રનસટીમને આચાર્ય અને શિક્ષકોના હસ્તે ટ્રોફી આપવામાં આવી હતી. ટુર્નામેનટને સફળ બનાવવા માટે કૈલાસબેન, કંચનબેન તેમજ બિન શૈક્ષણિક કર્મચારીએ ભારે જહેમત ઉઠાવી હતી મહેનત કરી હતી. સમગ ટૂર્નામેન્ટનુ આયોજન અને સફળ સંચાલન શાળાના શિક્ષક અજીતસિંહ દેસાઈ એ કર્યું.

# વલસાડનાં વોર્ડ નં.૧માં બીજેપી કપ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ તા. ૨૮ :** વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૧ માં ત્રિ દિવસીય બીજેપી કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરતાં ૮ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં અમિત પાનવાલાની અમિત ઈલેવન ચેમ્પિયન બની હતી.

વલસાડ નગરપાલિકા ના વોર્ડ નં ૧ માં તા ૨૬/૨૭/૨૮ એન્લિ નાં રોજ ફક્ત વોર્ડ નં ૧ ની ૭થ્ઞ કપ ક્રિકેટ ટુર્નામેન્ટ રમાય હતી જેમાં ખેલાડીનું IPL ટાઈપ ઓકસન કરાયું હતું. એમાં આઠ ટીમોની વચ્ચે ઓકસન પ્લેયર નું થયું હતું.

પાલિકાના વોર્ડ નં ૧ નાં ભારતીય જનતા પાર્ટીના કાઉન્સિલર ચંદર પટેલ, શહેર પ્રમુખ કાર્યકર ભુમીલ પટેલ,મિતેષ પટેલ, રણજી ખેલાડી તેજસ પટેલ,મોનીલ પટેલ, જીગ્નેશ પટેલ તેમજ અન્ય કાર્યકરો એ ટુર્નામેન્ટ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી અને ફાઈનલ માં રસાકસી દરમિયાન વોર્ડ નં ૧ ની BJP કપ અમીત પાનવાલા ની અમીત ઈલેવન વિજેતા બની હતી. ક્રિકેટ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે વોર્ડ નંબર એકના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ખેલમહાકુંભમાં વલસાડનાં બે કરાટેવીરોએ બ્રોન્ઝ મેળવ્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા.૨૮ :** વલસાડના તનાવ પરમાર અને નિખિલ પાંડે ખેલ મહાકુંભ ૩.ઓ રાજ્ય કક્ષાની કરાટે ચેમ્પિયનશિપમાં બ્રોન્સ મેડલ જીત્યો છે વલસાડ જિલ્લાના ની હોન સો તો કાલ કરાટે એસોસિએશનના પ્રમુખ સંસય ચેતન સિરકે મંત્રી કેયુર પટેલ તમન્ના વોરા તેમજ કોચ શ્રેયા એસ ભોયાના માર્ગદર્શન હેઠળ તન અને



નિખિલ કરાટે ની તાલીમ લઈ રહ્યા છે આણંદના પ્રમુખ પાની અર્બન કમ્યુનિટી રોલ ખાતે રાજ્ય સ્તરે



ખેલ મહાકુંભ કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંડર ફોટીન ૩૦ થી ૪૦ કેજી વજન ગ્રુપમાં ભાગ લેનાર તનો પરમાર અને ઓપન એ જ ગ્રુપમાં ૬૨ થી ૬૬ કેજી વજન ગ્રુપમાં ભાગ લેનાર નીખીલ પાંડેએ બ્રોન્સ મેડલ મેળવીને સમગ્ર વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યું છે જે બદલ નીહોન લોકો કાન કરાટે એસોસિએશન અને કરાટે ફેડરેશનના પ્રમુખ હાનસી કલ્પેશ મકવાણા એ અભિનંદન પાઠવ્યા હતા.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 29, April 2025


## આતંકીઓને પોષનારને બોધપાઠ ભણાવવો જરૂરી

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબૂદી પછી, જુદા જુદા રાજયોમાંથી આવેલા પ્રવાસીઓ બપોરના સમયે બૈસરન ખીણમાં ઘોડેસવારીમાં, ખાણીપીણીમાં વ્યસ્ત અને મસ્ત હતા, ત્યારે જ આતંકીઓ પોલીસ/સૈનિકના વેશમાં ત્રાટક્યા અને ધર્મ પૂછીને, વીણી વીણીને માણસોને નિર્દયતાથી લાશોમાં ફેરવતા ગયા. પહેલગામની મિનિ સ્વિત્ઝરલેન્ડ ગણાતી બૈસરનની લીલીછમ ખીણને ચાર પાંચ આતંકવાદીઓએ ૨૬ -વાસીઓનાં ઢીમ ઢાળીને લોહિયાળ કરી મૂકી છે. સરકારે કાર્યવાહી કરવા માંડી છે, તો પ્રજાએ પણ ટુરિઝમ પર બ્રેક મારવા માંડી છે. મોટા ભાગના ટ્રાવેલ, હોટેલ અને ફલાઈટ બુકિંગ રદ થઈ ગયાં છે. ફલાઈટ્સના એડવાન્સ બુકિંગમાં પણ મોટો ઘટાડો જોવાયો છે. પહેલગામી આતંકવાદી હુમલાને કારણે ટુરિઝમને ૧૨૦૦૦ કરોડનો ફટકો પડવાની ધારણા છે. પહેલગામમાં થયેલા આતંકી હુમલા સંદર્ભે મોદી સરકારે કેટલાંક અસરકારક પગલાં લેવાની જાહેરાત કરી છે. જેમ કે, અટારી બોર્ડર બંધ કરી છે. સિંધુ જળ કરાર અટકાવ્યો છે. સિંધુ જળ સંધિ અંતર્ગત પાકિસ્તાનને પાણી આપવાનું બંધ કરાયું છે. પાકિસ્તાની દૂતાવાસ બંધ કરવામાં આવ્યો છે. પાક નાગરિકોના વિઝા રદ કરવામાં આવ્યા છે ને ૪૮ કલાકમાં ભારત છોડવાનું અલ્ટિમેટમ અપાયું છે. એ સાથે જ પાકિસ્તાની નાગરિકોને ભારત આવવા પર પણ પ્રતિબંધ મુકાયો છે.

કેટલાક પ્રવાસીઓની જેમ આતંકી હુમલામાં ત્રણ ગુજરાતીઓએ પણ જીવ ગુમાવ્યા છે. તેમાં સુરતના શૈલેષ કળથીયાના પત્ની શીતલ કળથીયા પહેલગામની બૈસરન ખીણની વ્યવસ્થા વિષે કહે છે, હું નીચે આર્મી કેમ્પમાં બૂમો પાડી પાડીને કહેતી હતી કે ઉપર કેટલાક લોકો ઈજાગ્રસ્ત છે, તમે લોકો જલદી જાઓ અને કૈંક કરો. અમે ઉપરથી પડતાં આખડતાં નીચે ઊતર્યાં. આતંકવાદીઓ અમારી સામે આવીને ગોળી મારી જાય છે, હિન્દુ-મુસ્લિમોને અલગ કરીને હિન્દુ બધા ભાઈઓને ગોળી મારે છે, જ્યાં ટુરિસ્ટ પ્લેસ છે ત્યાં કોઈ આર્મી મેન, પોલીસમેન કે કોઈ મેડિકલ કિટ નહીં. કૈં જ સુવિધા નહીં. આતંકીઓએ પર્યટકો પર નિર્મમતાથી ગોળીઓ જ નથી વરસાવી, ત્યાંના કાશ્મીરીઓની રોજી-રોટી પણ આંચકી લીધી છે. આ ઘટનાએ દેશની સુરક્ષા વ્યવસ્થામાં રહેલાં છીંડાં પણ બતાવી દીધાં છે.

છાશવારે આતંકીઓ ઠાર થતાં હોય કે જવાનો યુદ્ધ વગર શહીદ થતા હોય તે કાશ્મીરનાં પ્રવાસી સ્થળો પર સુરક્ષા વ્યવસ્થા ચુકાય એ અક્ષમ્ય છે. બૈસરનમાં આતંકીઓ એમ જ ઊતરી આવ્યા નથી, એ સાવ નિર્ભય થઈને ભરબપોરે આવ્યા છે. સરકાર ઉપર ભરોસો રાખી રોજના ચાર પાંચ હજાર પ્રવાસીઓ પહેલગામની બૈસરન ઘાટીની મુલાકાતે આવતાં હોય ત્યાં જવાનોની એક પણ ટુકડી ન હોય એ યોગ્ય ન કહેવાય. પહેલગામના આતંકી હુમલાની જવાબદારી ધ રેજિમેન્ટ્સ ળન્ટ (ટીઆરએફ) લઈ ચૂક્યું છે. એ હુમલાનો માસ્ટર માઈન્ડ સૈફુલ્લાહ લશ્કર-એ-તૈયબાનો ઉપપ્રમુખ છે. તે પીઓકે તરફથી ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં સક્રિય છે. તેણે છડેચોક જાહેર કર્યું છે કે આવનાર સમયમાં મુજાહિદ્દીન હુમલાઓમાં વધારો થશે.

આ પછી આતંકીઓ પૂરેપૂરા સફાયાને લાયક છે. ખરી જરૂર તો પાકિસ્તાનને પાઠ ભણાવવાની છે, જેણે આતંકવાદીઓને પોષ્યા છે ને વિશ્વભરમાં આતંકવાદનો ફેલાવો કર્યો છે. સ્વતંત્રતા પહેલાં એનું અલગ અસ્તિત્વ ન હતું, એમ જ આ ધરતી પર એનું અસ્તિત્વ ક્યાંય ન રહે એવી કાર્યવાહી કરવાની જરૂર છે.

### ફ્રાન્સ પાસેથી રાફેલ મરીન ખરીદવા ૬૩૦૦૦ કરોડની ડીલ મંજૂર થઈ

# ભારત-ફ્રાંસ વચ્ચે ૨૬ રાફેલ-એમ લડાકૂ વિમાનની ડિલ

### ૬.૬ અબજ યુરો ના આ સોદામાં ભારતને ૨૨ નંગ સિંગલ-સીટ રાફેલ-એમ (Rafale-M) જેટ અને ૪ નંગ ટ્વીન-સીટ જેટ એમ કુલ ૨૬ નંગ પ્લેન મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૮ :
આજે ભારત અને ફ્રાન્સે ભારતીય નૌકાદળ માટે ૨૬ રાફેલ મરીન એરક્રાફ્ટ ખરીદવા માટે રૂપિયા ૬૩,૦૦૦ કરોડના મોટા સોદા પર હસ્તાક્ષર કર્યા છે. ભારતીય પક્ષનું પ્રતિનિધિત્વ સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે કર્યું હતું, જ્યાં નૌકાદળના વાઈસ ચીફ વાઈસ એડમિરલ કે સ્વામીનાથન હાજર હતા. ભારતીય નૌકાદળના કાફલામાં ૨૬ રાફેલ મરીન એરક્રાફ્ટ સામેલ થશે. રક્ષા સચિવ રાજેશ કુમાર સિંહ અને વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ વાઈસ એડમિરલ કે. સ્વામીનાથનની હાજરીમાં આ કરારની આપ-લે કરવામાં આવી હતી.

એક તરફ ભારત પહેલગામ હુમલાના દોષિતો સામે કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. આ સાથે ભારત પોતાની સંરક્ષણ શક્તિ વધારવામાં વ્યસ્ત છે. ભારત અને ફ્રાન્સ વચ્ચે આજે સૌથી મોટી ડિફેન્સ ડીલ થઈ છે. ભારત ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ મરીન ફાઈટર જેટ ખરીદવા માટે કરાર કર્યા છે. આ ડીલ લગભગ ૬૩ હજાર કરોડ રૂપિયાની છે. આ ૨૬ રાફેલ મરીન ફાઈટર એરક્રાફ્ટ ભારતીય નેવી માટે હશે. આ ડીલને થોડા સમય પહેલા સંરક્ષણ પરની કેબિનેટ કમિટીએ મંજૂરી આપી હતી. આ અંતર્ગત ફ્રાન્સ ભારતને ૨૨ સિંગલ-સીટર અને ૪ ટ્વિન-સીટર રાફેલ આપશે.

ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુ ૨૭ એપ્રિલે ભારત આવવાના હતા, પણ આતંકવાદી હુમલાને લીધે સર્જાયેલી તંગદિલીને લીધે તેમણે ભારતની યાત્રા મુલતવી રાખી હતી. તેથી હવે બંને દેશોના સુરક્ષા અધિકારીઓએ ૨૮ એપ્રિલ, સોમવારના રોજ નવી દિલ્હીમાં આ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા. બંને દેશના સંરક્ષણ મંત્રી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આ મીટિંગમાં હાજર રહ્યા હતા.

ખાસ વાત એ છે કે આજે રાફેલ ફાઈટર એરક્રાફ્ટની ડીલ પર હસ્તાક્ષર થયા છે. તે ભારતીય નૌકાદળ માટે છે. તમામ રાફેલ વિમાન INS વિક્રાંતથી ઓપરેટ થશે. હાલમાં MiG-29s INS વિક્રાંત પર તૈનાત છે. રાફેલ મરીન પ્લેન મિગ-૨૯નું સ્થાન લેશે. આજે, રાફેલ મરીન એરક્રાફ્ટ ફલીટની જાળવણી, લોજિસ્ટિક સપોર્ટ, કર્મચારીઓની તાલીમ અને સ્વદેશી ઉત્પાદન પર પણ એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. ભારતની આ ડીલથી પાકિસ્તાન ભયમાં છે. કારણ કે પહેલગામ હુમલા બાદ ભારતે INS વિક્રાંતને અરબી સમુદ્રમાં તૈનાત કરી દીધા છે.

રાફેલને લઈને ફ્રાન્સ સાથે ભારતનો આ બીજો કરાર છે. અત્યાર સુધી ફ્રાન્સે ભારતને ૩૬ રાફેલ ફાઈટર જેટ પ્લેન આપ્યા છે. જેઓ ભારતની સરહદો પર પોતાની ગર્જનાથી દુશ્મનોમાં ડરનો માહોલ બનાવી રહ્યા છે. વાયુસેનામાં ૩૬ રાફેલ ફાઈટર પ્લેન તૈનાત છે અને તેના માટે વાયુસેનાએ અંબાલા અને હાશિમારામાં બે સ્કવોડ્રનની રચના કરી છે. હવે નવી રાફેલ ડીલ થઈ છે. આ અંતર્ગત ભારતીય નૌસેનાને મળેલા તમામ ૨૬ રાફેલ વિમાનો આપવામાં આવશે. તેમને દ્વજી વિક્રાંત પર તૈનાત કરવામાં આવશે. જે INS વિક્રમાદિત્ય પછી ભારતનું બીજું એરક્રાફ્ટ કેરિયર છે.

૬.૬ અબજ યુરો એટલે કે ૬૩,૮૮૭ કરોડ રૂપિયાના આ સોદામાં ભારતને ૨૨ નંગ સિંગલ-સીટ રાફેલ-એમ (Rafale-M) જેટ અને ૪ નંગ ટ્વીન-સીટ જેટ એમ કુલ ૨૬ નંગ પ્લેન મળશે. એ ઉપરાંત આ રકમમાં શસ્ત્રો, સિમ્યુલેટર, ક્રૂને આપવામાં આવનારી તાલીમ, વિમાનોની જાળવણી સહાય તથા પાંચ વર્ષ માટે પ્રદર્શન-આધારિત લોજિસ્ટિક્સનો સમાવેશ થાય છે. ભારતીય વાયુસેના દ્વારા હાલમાં જે ૩૬ નંગ રાફેલ વિમાનો ઉપયોગમાં લેવાઈ રહ્યા છે એના સ્પેરપાર્ટ્સ અને સાધનોનો પણ આ ડીલનાં સમાવેશ થાય છે. આ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો વિદેશી સંરક્ષણ સોદો છે.

રાફેલ જેવા અત્યાધુનિક ફાઈટર જેટ પ્લેનના નિર્માણ અને પરીક્ષણમાં ખાસ્સો સમય લાગતો હોવાથી વર્તમાન સોદાની ડિલિવરી મેળવવા માટે ભારતે ઓછામાં ઓછા ચાર વર્ષ રાહ જોવી પડશે. પહેલો બેચ ૨૦૨૯ ના અંત સુધીમાં મળવાની અપેક્ષા છે, જ્યારે સમગ્ર ઓર્ડર ૨૦૩૧ સુધીમાં પૂરો પાડવામાં આવશે. આ વિમાનો INS વિક્રમાદિત્ય અને INS વિક્રાંત જેવા વિમાનવાહક જહાજો પરથી સંચાલિત થશે.

### પાકિસ્તાની PM શાહબાઝને સલાહ

# ભારત સાથે યુદ્ધ ના જ થાય તો સારું : નવાઝ શરીફ

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૨૮ : જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન અને ભારત વચ્ચે તંગદિલીનો માહોલ છે. ભારત હુમલાનો જડબાતોડ જવાબ આપવા સજ્જ છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને PML-Nના અધ્યક્ષ નવાઝ શરીફે ભારત સાથે યુદ્ધ ન કરવા સલાહ આપી છે. તેમજ શાંતિપૂર્ણ ઉકેલો લાવવા અપીલ કરી છે.

પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં ગઈકાલે (૨૭ એપ્રિલ) પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝના અધ્યક્ષ નવાઝ શરીફને વડાપ્રધાન શાહબાઝ શરીફે રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠકમાં લીધેલા નિર્ણયો વિશે માહિતી આપી હતી. આ બેઠક ભારત દ્વારા સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કર્યા બાદ બોલાવવામાં આવી હતી. જેમાં શાહબાઝે નવાઝ શરીફને જણાવ્યું કે, આ એક ફોલ્સ ફ્લેગ ઓપરેશન હતું. જે ભારતીયો દ્વારા જાણીજોઈને કરવામાં આવ્યું હતું. જેથી અસ્થિરતાનો માહોલ ઊભો કરી શકાય. ભારતના આ આકરા પગલાંથી બંને દેશો વચ્ચે યુદ્ધનું જોખમ વધ્યું છે. શાહબાઝે કહ્યું કે, આતંકવાદને પોષનારું પાકિસ્તાન શાંતિ માટે પ્રતિબદ્ધ છે. પરંતુ દેશની સુરક્ષા સાથે કોઈ સમાધાન કરીશું નહીં. જો કે, બીજી તરફ નવાઝ શરીફે બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપિત કરવા ઉકેલ શોધવા હિમાયત કરી હતી. નવાઝ આક્રમક વલણ અપનાવવા માગતા નથી. PML-Nના નેતાઓએ જણાવ્યું હતું કે, નવાઝ શરીફે વડાપ્રધાનને શાંતિપૂર્ણ ઉકેલો શોધવા અપીલ કરી છે. તેઓ યુદ્ધ ઈચ્છતા નથી. ઉલ્લેખનીય છે, પાકિસ્તાન સરકાર આ હુમલા બાદ સતત પોતાના જનિવેદનો પરથી પલટી મારી રહી છે. તેના વિદેશ મંત્રી સહિતના ઘણા નેતાઓ ભારતને આકરો જવાબ આપવાની તૈયારી બતાવી રહ્યા છે. જ્યારે વડાપ્રધાન શાહબાઝ ઘડીક યુદ્ધ માટે તૈયાર હોવાનો સંકેત આપે છે, તો હવે પોતે શાંતિની અપીલ કરે છે.

પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે પહલગામ હુમલાની નિષ્પક્ષ તપાસ માટે અમેરિકા, ઈરાન, ચીન, રશિયા અને બ્રિટનની અધિકારીઓ સહિત એક આંતરરાષ્ટ્રીય આયોગની રચના કરવા ભલામણ કરી હતી. જેના માટે પાકિસ્તાન આજે બ્રિટનના નેતાઓ સાથે મુલાકાત કરી રહ્યું છે. રક્ષા મંત્રીએ જણાવ્યું કે, અમે જાણીએ છીએ કે, આ માત્ર એક નાટક હતું.

### પહલગામ હુમલો : CM ઓમર અબ્દુલ્લા ભાવુક થયા

# માફી માંગવા કોઈ શબ્દ નથી : ઓમર અબ્દુલ્લા

(સંપૂર્ણ સમાચાર સેવા)
શ્રીનગર, તા. ૨૮
મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં પહેલગામ આતંકી હુમલા વિરુદ્ધ રજૂ કરેલા પ્રસ્તાવના સમર્થનમાં વાત કરી હતી. આ દરમિયાન તેણે હુમલામાં માર્યા ગયેલા તમામ લોકોના નામ પણ લીધા હતા. ઓમર અબ્દુલ્લાએ કહ્યું, હું માની શકતો નથી કે થોડા દિવસો પહેલા અમે આ ગૃહમાં હાજર હતા, બજેટ અને અન્ય ઘણા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.

કોણે વિચાર્યું હશે કે જમ્મુ-કાશ્મીરમાં એવી સ્થિતિ સર્જાશે કે આ વાતાવરણમાં અમારે અહીં ફરીથી મળવું પડશે. પહેલગામ હુમલા પછી જ્યારે મંત્રીઓની બેઠક યોજાઈ ત્યારે નક્કી થયું કે અમે રાજ્યપાલને એક દિવસનું સત્ર બોલાવવા વિનંતી કરીશું. ઓમર અબ્દુલ્લા એસેમ્બલીમાં ભાવુક થઈ ગયા અને કહ્યું કે આ હુમલાએ અમને અંદરથી ખોખલા કરી દીધા છે. એ નૌકાદળના અધિકારીની વિધવાને, એ નાનકડા બાળકને કે જેણે પોતાના પિતાને લોહીથી લથપથ જોયા હોય તેને હું શું જવાબ આપું.

સીએમ ઓમર અબ્દુલ્લાએ કહ્યું, "૨૬ વર્ષમાં પહેલીવાર, જમ્મુ-કાશ્મીરમાં હુમલા પછી, મેં લોકોને આ રીતે બહાર આવતા જોયા. લોકો કઠુઆથી શ્રીનગર સુધી બહાર આવ્યા અને ખુલ્લેઆમ કહ્યું કે કાશ્મીરીઓને આ હુમલા નથી જોઈતા. મારા નામે નથીપ દરેક કાશ્મીરી આવું કહી રહ્યા છે."

ઓમર અબ્દુલ્લાએ કહ્યું, ન તો સંસદ કે ન તો આ દેશની અન્ય કોઈ વિધાનસભા જમ્મુ અને કાશ્મીર વિધાનસભા જેટલી પહેલગામના ૨૬ લોકોના દર્દને સમજે છે. તમારી સામે એવા લોકો બેઠા છે જેમણે પોતાના નજીકના સ્વજનોને ગુમાવ્યા છે. કોઈએ પોતાના પિતાને ગુમાવ્યા છે, કોઈએ પોતાના કાકાને ગુમાવ્યા છે.

આપણામાંથી કેટલા એવા છે કે જેમના પર હુમલો થયો છે? એવા ઘણા એવા છે કે જેમના પર અમારા સાથીદારો પર હુમલો કરવામાં આવ્યો છે. ઓક્ટોબર ૨૦૦૧માં શ્રીનગરમાં થયેલા હુમલામાં ૪૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. તેથી જ પહેલગામમાં માર્યા ગયેલા લોકોનું દર્દ આ વિધાનસભા જેટલું કોઈ સમજી શકતું નથી.

ઓમર અબ્દુલ્લાએ કહ્યું, ભૂતકાળમાં આપણે કાશ્મીરી પંડિતો અને શીખ સમુદાયો પર આતંકવાદી હુમલા જોયા છે. આવો હુમલો લાંબા સમય પછી થયો છે. પીડિતોના પરિવારના સભ્યોની માફી માંગવા માટે મારી પાસે કોઈ શબ્દો નથી.

હું કાયદો અને વ્યવસ્થાનો પ્રભારી નથી, પરંતુ મેં પ્રવાસીઓને કાશ્મીરની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું છે. તેમના યજમાન તરીકે, તેમની સંભાળ રાખવાની અને તેમની સુરક્ષા કરવાની અમારી જવાબદારી છે.

# પાંચ લાખ પાકિસ્તાની મહિલાઓ લગ્ન કરીને ભારતમાં રહે છે?

### નિશિકાંત દુબેએ કહ્યું, 'હું પૂરા વિશ્વાસ સાથે કહી રહ્યો છું કે ૨૦૨૫ પછી પાકિસ્તાન નામનો દેશ પૃથ્વી પરથી ભૂંસાઈ જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા. ૨૮
ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી તણાવપૂર્ણ પરિસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીના એક સાંસદે મોટું નિવેદન આપ્યું છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ પાકિસ્તાનના અંતની ભવિષ્યવાણી કરી છે. આ નિવેદન એટલા માટે મહત્વપૂર્ણ બની જાય છે કારણ કે ભારત જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ બદલો લેવાની તૈયારી કરી રહ્યું છે. ગમે ત્યારે, ભારત દ્વારા પાકિસ્તાન સામે મોટી કાર્યવાહી કરવામાં આવી શકે છે. આ સમયગાળા દરમિયાન, નિશિકાંત દુબેએ પૃથ્વી પરથી પાકિસ્તાનના લુપ્ત થવાની તારીખ પણ જણાવી છે.

નિશિકાંત દુબેએ કહ્યું, 'હું પૂરા વિશ્વાસ સાથે કહી રહ્યો છું કે ૨૦૨૫ પછી પાકિસ્તાન નામનો દેશ પૃથ્વી પરથી ભૂંસાઈ જશે.' ઝારખંડના દેવઘરમાં એક કાર્યક્રમને સંબોધતા, ભાજપના સાંસદે દાવો કર્યો હતો કે પાકિસ્તાન દ્વારા કબજે કરાયેલ કાશ્મીરનો ભાગ ભારતનો છે અને તેને પાછો લેવામાં આવશે. આ ઉપરાંત, પાકિસ્તાન વિભાજીત થઈ જશે અને બલુચિસ્તાન, પશ્તુનિસ્તાન અને પંજાબ નામના દેશોમાં વિભાજીત થઈ જશે. નિશિકાંત દુબેએ વધુમાં કહ્યું કે આ મોદીની ગેરંટી છે. ભારતમાં રહેતા પાકિસ્તાની નાગરિકો અંગે સાંસદ નિશિકાંત દુબે કહે છે, 'જ્યારે વિઝા રદ કરવાની પ્રક્રિયા શરૂ થઈ, ત્યારે બે પ્રકારના વિઝા પ્રકાશમાં આવ્યા અને આ અંગે સંપૂર્ણ તપાસની જરૂર છે.' પાકિસ્તાની છોકરીઓના અહીં લગ્ન થાય છે અને તેઓ ભારતીય નાગરિક બની શકતી નથી અને તેઓ વર્ષોથી અહીં રહે છે. પાકિસ્તાની પુરુષો પણ ભારતમાં લગ્ન કરે છે. આ લગ્નો પાછળના હેતુની તપાસ થવી જોઈએ. શું આ દેશોમાં કોઈ વૈવાહિક સંબંધો નથી? ૧૯૪૭માં પાકિસ્તાન સ્થળાંતર કરનારાઓની મિલકતો સરકારે દુશ્મન સંપત્તિ અધિનિયમ હેઠળ કબજે કરી લીધી હતી. શું આનો અર્થ એ નથી કે જે ભારતીયો પોતાની દીકરીઓ સાથે પાકિસ્તાનમાં લગ્ન કરે છે અને જે પાકિસ્તાનીઓ પોતાની દીકરીઓ સાથે ભારતમાં લગ્ન કરે છે તેઓ આ દેશના દુશ્મન છે? આપણે પહેલા તેમની સામે કડક પગલા ભરવા પડશે.

સોમવારે સવારે, ભાજપના સાંસદે દાવો કર્યો હતો કે ભારતમાં લગ્ન કર્યા પછી ૫ લાખથી વધુ પાકિસ્તાની છોકરીઓ ભારતમાં રહે છે. 'X' પર લખેલી પોસ્ટમાં નિશિકાંતે કહ્યું – 'પાકિસ્તાની આતંકવાદનો એક નવો ચહેરો હવે ઉભરી આવ્યો છે.' ૫ લાખથી વધુ પાકિસ્તાની છોકરીઓ ભારતમાં લગ્ન કરીને ભારતમાં રહે છે.

# ઓવૈસીએ પાકિસ્તાનને આતંકવાદનો ગઢ ગણાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૮ : પહલગામ આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશમાં ગુસ્સાનો માહોલ છે. આ દરમિયાન ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM)ના વડા અસદુદ્દીન ઓવૈસીએ પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા છે. ઓવૈસીએ કહ્યું છે કે, લશ્કર-એ-તૈયબા પાકિસ્તાન સરકારનું નાજાયજ સંતાન છે. ઓવૈસીએ પાકિસ્તાનને આતંકવાદનો ગઢ ગણાવ્યું છે. ઓવૈસીએ કહ્યું કે, પાકિસ્તાનને નબળું પાડવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે, "પાકિસ્તાન વર્ષોથી પોતાના દેશમાં ભારત વિરુદ્ધ આતંકવાદીઓને તાલીમ આપી રહ્યું છે. આ LET (લશ્કર-એ-તૈયબા) પાકિસ્તાન સરકારનું નાજાયજ સંતાન છે. તો પછી તમે એ પણ જાણો છો કે, આપણા દેશના બંધારણની કલમ ૩૫૫ કહે છે કે, જો કોઈ પણ રાજ્ય પર બહારથી હુમલો થાય છે, તો તેને રોકવો જોઈએ. આનાથી આપણે આપણા નૈતિક હેકર્સ દ્વારા તેમને હેક કરી શકીએ છીએ."

ઓવૈસીએ કહ્યું કે, પાકિસ્તાન કોઈ પણ રીતે ભારતની સમકક્ષ નથી. ઓવૈસીએ કહ્યું કે, ભારતનું લશ્કરી બજેટ પાકિસ્તાન જેટલું જ છે. તેમણે એમ પણ કહ્યું કે, પાકિસ્તાન આતંકવાદનો ગઢ છે.

### ભારત-પાકિસ્તાન તણાવ પર ચીને પ્રતિક્રિયા આપી

# વાંગ-યીએ પાકિસ્તાની વિદેશ મંત્રી સાથે ફોન પર વાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેઈજીંગ, તા. ૨૮
જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ૨૬ લોકોની ક્રૂર હત્યા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. એવું માનવામાં આવે છે કે ટૂંક સમયમાં બંને દેશો વચ્ચે લશ્કરી સંઘર્ષ જોવા મળી શકે છે. આવા સમયે, આ તણાવ વચ્ચે, ચીનની પ્રતિક્રિયા પણ સામે આવી છે. ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડાર સાથે વાત કરી છે. ચાલો જાણીએ કે આ સમગ્ર મુદ્દા પર ચીને શું કહ્યું છે.

ચીનના અહેવાલ મુજબ તેમના સમકક્ષ ઈશાક ડાર સાથે ટેલિફોનિક વાતચીત દરમિયાન, ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિષ્પક્ષ તપાસ માટે સમર્થન વ્યક્ત કર્યું છે. ચીને આશા વ્યક્ત કરી છે કે ભારત અને પાકિસ્તાન બંને સંયમ રાખશે અને તણાવ ઘટાડવા માટે સાથે મળીને કામ કરશે.

પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે ચીનના વિદેશ મંત્રીને આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ અંગેના તાજેતરના વિકાસ વિશે માહિતી આપી છે. ઉલ્લેખનીય છે કે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારત સરકારે પાકિસ્તાન વિરુદ્ધ ઘણા પગલાં લીધાં છે, જેમાં સિંધુ જળ સંધિને સ્થગિત કરવી અને તમામ પાકિસ્તાની વિઝા પર પ્રતિબંધ મૂકવો વગેરેનો સમાવેશ થાય છે.

વિઝા પ્રતિબંધ પછી, છેલ્લા ૩ દિવસમાં ૫૩૭ પાકિસ્તાની નાગરિકો અટારી સરહદ દ્વારા તેમના દેશ પરત ફર્યા છે.

# તુર્કીયેએ પાક. હથિયારોની સાથે હરક્યુલસ એરક્રાફ્ટ મોકલ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
તુર્કી, તા.૨૮ : પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવનું વાતાવરણ છે. પાકિસ્તાન સતત ચોથી રાતથી સરહદ પર ગોળીબાર કરી રહ્યું છે અને ભારતીય સૈનિકો તેનો યોગ્ય જવાબ આપી રહ્યા છે. હમણાં થોડા દિવસ પહેલા જ સમાચાર આવ્યા કે ચીને પાકિસ્તાનને J-F17 મિસાઈલ પહોંચાડી દીધી છે અને C-130 હર્ક્યુલસ વિમાન ઈસ્લામાબાદમાં ઉતર્યું હોવાના અહેવાલ છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, તુર્કીયેએ ઈસ્લામાબાદને પોતાનો ટેકો આપ્યો છે અને લડાયક સાધનો મોકલ્યા છે. તુર્કીયે વાયુસેનાનું C-130 હર્ક્યુલસ લશ્કરી પરિવહન વિમાન રવિવારે કરાચી પહોંચ્યું, જે લડાયક સાધનો લઈને આવ્યું. સૂત્રોના જણાવ્યા અનુસાર, તુર્કીયેનું આ પગલું બંને દેશો વચ્ચેના વ્યાપક સંરક્ષણ સહયોગનો એક ભાગ છે.

એવામાં કરાચીમાં ૧ ઉપરાંત, ૬ તુર્કીયે ઝ-૧૩૦ વિમાનો ઈસ્લામાબાદના લશ્કરી મથક પર ઉતર્યા હોવાના અહેવાલ છે, જે પાકિસ્તાનને તુર્કીયેના સમર્થનને મજબૂત બનાવે છે કારણ કે તે સ્પષ્ટ થઈ રહ્યું છે કે પાકિસ્તાન તેની ઈન્ટરનેશનલ બોર્ડર પર વધતા પડકારોનો એકલા સામનો કરવામાં અસમર્થ છે.

તુર્કીયે અને પાકિસ્તાની બંને સૂત્રોએ લશ્કરી કાર્ગોના ટ્રાન્સફરની પુષ્ટિ કરી છે. જો કે, શિપમેન્ટની ચોક્કસ વિગતો જાહેર કરવામાં આવી નથી. પરંતુ તુર્કીયેના આ પગલાને પાકિસ્તાનને મોટા સમર્થન તરીકે જોવામાં આવી રહ્યું છે. આ સાથે ચીને પાકિસ્તાનને ડ્રોન જેવા સંરક્ષણ સાધનો મોકલવાની પણ માહિતી આપી છે.




### ન્યૂઝવીક અને સ્ટેટિસ્ટા દ્વારા

## કોકિલાબેન અંબાણી હોસ્પિટલ વર્લ્ડ્સ બેસ્ટ હોસ્પિટલ્સ ગ્લોબલ રેન્કિંગમાં

**સુરત, તા. ૨૮ :** કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટને સ્ટેટિસ્ટાના સહયોગમાં ન્યૂઝવીક દ્વારા પ્રતિષ્ઠિત વર્લ્ડ્સ બેસ્ટ હોસ્પિટલ્સ ૨૦૨૫માં સ્થાન મળ્યું છે જે હોસ્પિટલની ક્લિનિકલ ઉત્કૃષ્ટતા, ટેક્નોલોજીકલ નવીનતા અને દર્દી-પ્રથમ અભિગમનું નોંધપાત્ર સન્માન છે. ન્યૂઝવીક અને સ્ટેટિસ્ટા દ્વારા વૈશ્વિક મૂલ્યાંકનમાં ૩૦ દેશોની ૨,૪૪૫ હોસ્પિટલોની આકારણી કરવામાં આવી હતી. જે આ સન્માનને વૈશ્વિકસ્તરે હોસ્પિટલની -પ્રતિષ્ઠાનો સંકેત આપે છે. તે નવીનતા, પર્સનલાઈઝેશન અને દર્દી-પ્રથમ સંભાળ થકી વિશ્વમાં શ્રેષ્ઠ હોય તેની સમકક્ષના હેલ્થકેર માપદંડોને પુનઃવ્યાખ્યાયિત કરવાનું ચાલુ રાખે છે. કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ભારતમાં શ્રેષ્ઠ ક્રમની હોસ્પિટલ્સમાં ગર્વભર્યું સ્થાન ધરાવે છે. કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સીઈઓ ડો. સંતોષ શેટ્ટી એ જણાવ્યું હતું કે ભારત તથા વિશ્વમાં શ્રેષ્ઠ હોસ્પિટલ્સ પૈકીની એક તરીકે સન્માનિત થવું તે કરુણાઅનેદર્દી પ્રથમની સંભાળની અમારી સંસ્કૃતિને નમન છે. અમારી હોસ્પિટલ વિશ્વ કક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આધુનિક ટેક્નોલોજી, અનોખી ફુલટાઈમ સ્પેશિયાલિસ્ટ સિસ્ટમ તથા સર્વાંગી બહુવિધ સંભાળના મિશ્રણ થકી માપદંડો સ્થાપવાનું ચાલુ રાખે છે. અમે ડિજિટલ હેલ્થ સોલ્યુશન્સનો લાભ લેવાનું, સતત અમારી સંભાળના માર્ગો વધારવાનું અને સંશોધન સહયોગને પ્રોત્સાહનો આપવા માટે પ્રતિબદ્ધ રહીએ છીએ.

આ સીમા ચિહ્ન ડોક્ટર્સ, નર્સ, સ્પેશિયાલિસ્ટ્સ અને સપોર્ટ સ્ટાફની હોસ્પિટલની સમર્પિત ટીમના પ્રયાસોની ઊજવણી કરે છે જેઓ સામૂહિક રીતે કરુણા, નવીનતા અને ક્લિનિકલ ચોક્સાઇની સંસ્કૃતિ જાળવી રાખે છે

## શિક્ષણ વિભાગનું શિર્ષાસન : એકમ કસોટી બંધ કરવાનો નિર્ણય

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૨૮ :** રાજ્ય સરકારે સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં એકમ કસોટીના નામે વિદ્યાર્થીઓને માનસિક બોજો આપ્યા બાદ બંધ કરવાનો નિર્ણય લીધો છે. જૂનથી શરૂ થતાં નવા શૈક્ષણિક સત્રમાં એકમ કસોટી બંધ કરવાનો નિર્ણય લઈને શિક્ષણ વિભાગે શિર્ષાસન કર્યુ છે. જો કે, રાજ્ય સરકાર એકમ કસોટીના બદલે નવી વ્યવસ્થા લાવવાનો વિચારણા કરી રહી હોવાની માહિતી મળી રહી છે.

અહીં નોંધવું ઘટે કે, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૪૦ હજારથી વધુ સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં સાપ્તાહિક, પખવાડિક અને માસિક એકમ કસોટી લેવામાં આવતી હતી. આ એકમ કસોટીના કારણે શિક્ષકો ઉપર કામનો બોજ વધતો હતો. જ્યારે વિદ્યાર્થીઓ રમતાં રમતાં શિક્ષણ મેળવવાના બદલે હંમેશા તણાવમાં રહેતાં હોવાથી એકમ કસોટીનો વિરોધ થયો હતો.

ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે એકમ કસોટી લેવામાં આવતી હતી. ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓની એકમ કસોટી ગુજરાત શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ(GCERT) દ્વારા લેવામાં આવતી હતી. જ્યારે ધોરણ ૯ થી ૧૨ ની એકમ કસોટી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GHSHEB) દ્વારા લેવામાં આવતી હતી. એકમ કસોટી બંધ કરીને વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK)ને નવી કામગીરી સોંપવામાં આવે તેવી શક્યતા છે.

## સરકાર દ્વારા ગુજરાતી ભાષા પર પ્રહારો યથાવત : કોંગ્રેસ

**અમારા પ્રતિનિધિ તરફથી અમમદાવાદ, તા. ૨૮ :** ભારતમાં ભાષાવાર બોલનાર લોકોની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાતી ભાષા છઠ્ઠા ક્રમે સૌથી વધુ બોલાતી ભાષા છે. જે ભારતની વસતીના લગભગ ૪.૫ ટકા થવા જાય છે. સમગ્ર વિશ્વમાં ગુજરાતી ભાષા બોલતા લોકોની સંખ્યા ૭ કરોડ જેટલી છે, જેથી ગુજરાતી ભાષા વિશ્વમાં ૨૬મા ક્રમની સૌથી વધુ બોલાતી ભાષા તરીકેનું સ્થાન ધરાવે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કો-કન્વીનર , કો-ઓર્ડીનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે તાજેતરમાં જી.પી.એસ.સી.ની વર્ગ ૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાતી ભાષાને મેરિટમાંથી હટાવી લઈને એમાં ૨૫ ટકા ગુણ મેળવી પાસ થવા સુધીનું લઘુતમ ધોરણ જરૂરી ગણવામાં આવ્યું છે. તા. ૩/૩/૨૦૨૫ના ગુજરાત સરકારના ત્ન્હૃદર્શ્રી બ્શ્વફુર્ઁશ્વક્ક ર્ગીદ્યદ્યફૂદ્દફૂથી નક્કી કરેલી ગુજરાતી વહીવટી સંવર્ગની વર્ગ ૧ અને ૨ અને ગુજરાત નગરપાલિકા ચીફ ઓફિસરની ભરતી પરીક્ષાઓના નિયમો, ૨૦૨૫ની જોગવાઈઓ મુજબ section IITમાં પેપર નંબર ૧ અને ૨, અનુક્રમે ગુજરાતી ભાષા અને અંગ્રેજી ભાષાનાં બંને પેપરમાં હવે ૩૦૦માંથી માટે ફક્ત ૨૫ ટકા મેળવ્યા હશે તો પણ પાસ ગણાશે.

એકબાજુ આ જોગવાઈ કરવાથી હવે ગુજરાતી ભાષાના ગુણ મેરિટમાં નહીં ગણાય પરિણામે વિદ્યાર્થીઓ ગુજરાતીમાં પ્રવીણતા મેળવવા તરફ દુર્લક્ષ સેવશે. બીજી બાજુ જે કોઈ જી.પી.એસ.સી.ની વર્ગ ૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થશે એ ગુજરાતી ભાંગ્યું તૂટ્યું લખતા હશે.

તેમણે કહ્યુ કે હાલ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ગુજરાતી ફરજીયાત ભણાવવામાં આવે તે માટે The Gujarat Compulsory Teaching and Learning of GujaratiLanguage Bill, ૨૦૨૩ અમલમાં છે. આ અમલવારીને હજી બે વર્ષ થયા છે છતાં પણઘણી સીબીએસસી અને ઈન્ટરનેશનલ બોર્ડની શાળાઓમાં હજી પણ ગુજરાતી વિષયને ભણાવવામાં આવતો નથી. ગયા વર્ષે બોર્ડની પરીક્ષામાં બે લાખ કરતા પણ વધારે વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયમાં નાપાસ થયા હતા. તાજેતરમાં આવેલા સર્વે મુજબ ૧૪ થી ૧૮ વર્ષના ૨૫ ટકા બાળકો માતૃભાષા વાંચી શકતા નથી.

માતૃભાષાથી બાળકો કેળવાય તેના માટે ભારતના અનેક રાજ્યોમાં ગ્રંથાલય ધારો પસાર કરેલ છે અને તેના મુજબ રાજ્યમાં જેટલા ગામ હોય તેટલા ગામમાં લાઈબ્રેરી ફરજિયાત હોવી જોઈએ ગુજરાતમાં પણ ગુજરાતી ભાષાના વિકાસ માટે આવા પ્રકારનો ધારો અસ્તિત્વમાં લાવી ગુજરાતના દરેક ગામે ગામ પુસ્તકાલય બનાવવાની તાકીદે જરૂર છે.

## આ ડર સારો છે! : ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીનનું ટ્વિટ

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૨૮ :** જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ, પાકિસ્તાનને ભારત તરફથી બદલો લેવાનો ભય સતાવી રહ્યો છે. અહેવાલ છે કે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરના પરિવાર બાદ હવે પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના પ્રમુખ બિલાવલ ભુટ્ટોનો પરિવાર પણ પાકિસ્તાન છોડીને કેનેડા ભાગી ગયો છે. આ અંગે ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ X પર ટ્વિટ કરીને પાકિસ્તાન પર કટાક્ષ કર્યો છે.

હર્ષ સંઘવીએ X (ટ્વિટર) પર એક ટ્વિટમાં દાવો કર્યો હતો કે પાકિસ્તાની સેનાના ટોચના અધિકારીઓ ડરના માર્યા દેશ છોડીને ભાગી રહ્યા છે, જ્યારે મધ્યમ સ્તરના અધિકારીઓ મોટી સંખ્યામાં રાજીનામા આપી રહ્યા છે. તેમણે લખ્યું, આ ડર સારો છે! પહેલગામ આતંકવાદી હુમલા પછી, ભારતે બદલો લીધો અને સિંધુ જળ સંધિ સ્થગિત કરી દીધી અને પાકિસ્તાની લોકોને ભારત છોડી દેવા કહ્યું. છેલ્લા ચાર દિવસમાં ઓછામાં ઓછા ૫૩૭ પાકિસ્તાની નાગરિકો, જેમાં નવ રાજદ્વારીઓ અને અધિકારીઓનો સમાવેશ થાય છે, અટારી-વાઘા બોર્ડર ક્રોસિંગ દ્વારા ભારતથી પાકિસ્તાન ગયા છે.

(પાના નં.૮નું ચાલુ...)

**રાનકૂવામાં રહસ્યમય સંજોગમાં ...........**

હાલતમાં જોવા મળ્યો હતો જેની જાણ ચીખલી પોલીસને પણ કરવામાં આવતા ચીખલી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ઘરનો દરવાજો અંદરથી બંધ હોય ત્યારે બારીની લોખંડની ગ્રીલ તોડી ઘરમાં જઈ મુખ્ય દરવાજો ખોલ્યો હતો ત્યારે છોટુભાઈ રણછોડભાઈ પટેલ જે હોલના રૂમ ના સીલીંગ ના પંખા સાથે ઓઢણી બાંધી ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતો હતો ત્યારબાદ આગળ જઈને જોતા લતાબેન ઘરના હોલ રૂમમાંથી બેડરૂમમાં જવાના વચ્ચેના ભાગે ઉલટા મોઢે મરણ ગયેલ હાલતમાં પડેલી હતી અને લતાબેનને ગાળાના ભાગે ફાંસી ખાધેલ હોય તેવા ઈજાના નિશાનો જોવા મળ્યા હતા જોકે આ બંનેના મોત અંગે અનેક તર્ક વિતર્કો સર્જાવવા પામ્યા છે આ બંને વચ્ચે -મ સંબંધ રહ્યો છે કે શું ? લતાબેન એકલી રહેતી હોય તો -તાપ નગર મોટા ફળિયાથી છોટુભાઈ પટેલ કેમ આવ્યા ? છોટુભાઈ પટેલે પહેલા લતાબેન ને મોતને ઘાટ ઉતારી પોતે ગળે ફાંસો ખાધો કે શું? જેવા અનેક રહસ્યો અકબંધ રહ્યા છે ત્યારે લતાબેન પટેલ અને છોટુભાઈ પટેલના પીએમ કર્યા બાદ મોતનું કારણ જાણી શકાશે બનાવ અંગેની ફરિયાદ મરનાર લતાબેન પટેલ નો ભાઈ ચેતનભાઈ ગમનભાઈ પટેલના એ કરતા આગળની વધુ તપાસ રાનકુવા પોલીસ ચોકીના પીએસઆઇ એચએસ પટેલ કરી રહ્યા છે.


राष्ट्रीय फैशन प्रौद्योगिकी संस्थान, दमन

**National Institute of Fashion Technology, Daman**
(Ministry of Textile, Government of India)

NIFT Campus, Block 5 & 6, Govt. Engineering College Campus, Mota Falia, Varkund, Nani Daman, Daman - 396210

09/04/2025 /ADVT NO-
19056 (02 26)/NIFT-DMN/ESST/2025/GRP A/SHORT TERM CONTRACT

**Addendum Notification -01**

In reference to Recruitment Notification No. 19056 (02 26)/NIFT-DMN/ESST/2025/GRP A/SHORT TERM CONTRACT dated 10/04/20425 published in the newspaper as well as on the website of the Institute www. nift.ac.in/daman.
Due to poor response to this office, the date of submission of application invited for the different Gr. A post is hereby extended upto 06th May 2025. For further information, please visit website www.nift.ac.in/daman. The other terms and conditions of the Advertisement shall remain unchanged.

**Careers Department**
**NIFT, Daman**


## અમદાવાદમાં ચંડોળા તળાવમાં બાંગ્લાદેશીઓના ગેરકાયદે વીજ જોડાણ કપાયા

**અમારા પ્રતિનિધિ તરફથી અમમદાવાદ, તા. ૨૮ :** જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ દેશવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાત પોલીસ દ્વારા ચંડોળા તળાવના આસપાસના વિસ્તારમાંથી કુલ ૮૯૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી. આજે ફરી એકવાર પોલીસ દ્વારા કાર્યવાહી તેજ કરતાં ચંડોળા તળાવ આસપાસના વીજ કનેક્શન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ટોરેન્ટ પાવરની ટીમ વીજ જોડાણ કાપવા માટે ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી.

બાંગ્લાદેશી ઘૂસણખોરોને વીણી વીણીને દેશનિકાલ કરવા ગુજરાત પોલીસે ઓપેરેશન હાથ ધર્યુ છે. અમદાવાદમાં ચંડોળા તળાવ, શાહ આલમ, સિયાસતનગર, નવાબનગર ઉપરાંત ફુલગીરીના છાપરા પરપ્રાંતિયોનું એપી સેન્ટર રહ્યુ છે. રોજી રોજગાર મેળવવા આવેલાં પરપ્રાંતિયોની સંખ્યા આ વિસ્તારોમાં સૌથી વધુ છે. આ વિસ્તારોમાં કાર્યકત સ્વૈચ્છિક સંસ્થાઓનું કહેવુ છેકે, આ વિસ્તારમાં રહેતાં કેટલાંય પરિવારોએ એવાં છે જે અન્ય રાજ્યના જરૂર છે પણ તેમના બાળકોનો જન્મ ગુજરાતમાં થયો છે. તેમના પરિવારજનોના લગ્ન ગુજરાતમાં થયા છે.

અમદાવાદમાં વર્ષોથી ધંધો રોજગાર, વ્યવસાય-છૂટક મજૂરી કરે છે. આ પરપ્રાંતિય પરિવારો પાસે વર્ષ ૨૦૧૧ના સ્લમ સર્વે આધારે ઝૂંપડા નંબર સહિત રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ સહિતના દસ્તાવેજો નથી. જોકે, ઘણાં પરિવારો પાસે જન્મતારીખના દાખલા નથી.આ કારણોસર તેઓ શંકાના દાયરામાં


**CHANGE OF NAME**

I HAVE CHANGED OLD NAME FROM **RATNESHWAR GANGADIN CHOURASIA** TO NEW NAME **RATNESHWAR GANGADIN CHOURASIYA** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD: RATNESHWAR GANGADIN CHOURASIYA**
ADDRESS: - 1644, JANKI NAGAR, UMARGAM, SOLSUMBA, VALSAD, GUJARAT, 396165



**પારડી નગરપાલિકા જી.વલસાડ**
નિવિદા નંબર -૧/૨૦૨૫ - ૨૬
ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

પારડી નગરપાલિકા, કિલ્લા-પારડી, જિલ્લા, વલસાડ દ્વારા નીચે જણાવેલ કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવે છે. ટેન્ડરની વધુ માહિતી/ શરતો ઓનલાઈન ઉપલબ્ધ છે.

| કામનું નામ | ૧. અંદાજીત રકમ<br>૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ<br>૩. ટેન્ડર ફી<br>૪. રજીસ્ટ્રેશન વર્ગ |
|---|---|
| ૧.પારડી નગરપાલિકામાં શહેરના મુખ્ય રસ્તાઓની સાફ સફાઈ કરી કચરો ઉચકી ડમ્પીગ સાઈટ સુધી લઈ જવાનું કામ | ૧.રૂા.૨૯,૪૯,૨૦૭.૩૭<br>૨.રૂા.૨૯,૫૦૦.૦૦<br>૩.રૂા.૧૭૭૦.૦૦<br>૪.કલાસ“E1"તથા તેની ઉપર |
| વેબસાઈટનું નામ | https://tender.nprocure.com |
| ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | તા.૦૭/૦૫/૨૦૨૫<br>૧૮–૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, ઈ.એમ.ડી.(ડીમાન્ડ ડ્રાફટ) તથા જરૂરી ડોકયુમેન્ટ રજીસ્ટર પોસ્ટ એડી, સ્પીડ પોસ્ટ તથા કુરીયરથી પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું | તા.૧૨/૦૫/૨૦૨૫<br>૧૮–૦૦ કલાક સુધી<br>ચીફ ઓફિસર,<br>પારડી નગરપાલિકા, તા.પારડી<br>જિ.વલસાડ.૩૯૬૧૨૫ |
| ટેન્ડર ખોલવાની અંદાજીત તારીખ | તા.૧૩/૦૫/૨૦૨૫ |

ઉપરોક્ત ટેન્ડર માટે વધારાની માહિતી માટે ઉપરોક્ત વેબસાઈટ ઉપર જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્કો/અધિકાર નગરપાલિકા અબાધિત રાખે છે.

**ચીફ ઓફિસર** — **પારડી નગરપાલિકા પારડી**
નં.માહિતી/વલસાડ/૮૯/૨૦૨૫
**પ્રમુખ** — **પારડી નગરપાલિકા પારડી**



**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)ની કોર્ટમાં, મુ. બલીઠા**

**જન્મ-મરણ કેસ નં.૩૭/૨૦૨૫**

**અરજદાર : રમેશભાઈ મોહનભાઈ નાયક**
દેસાઈ ફળિયા, કરાયા, વાપી, તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, કરાયા, તા.વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **સોમલીબેન ઉર્ફે રામલીબેન ભાણીયા નાયક**નું મરણ તા.૧૯/૦૭/૧૯૭૫ના રોજ મોજે કરાયા, તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કરાયાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામ પંચાયત કરાયાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી કરાયા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)**
**તા.વાપી, જી.વલસાડ**



**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)ની કોર્ટમાં, મુ. બલીઠા**

**જન્મ-મરણ કેસ નં.૪૩/૨૦૨૫**

**અરજદાર : રમેશભાઈ મોહનભાઈ નાયક**
દેસાઈ ફળિયા, કરાયા, વાપી, તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, કરાયા, તા.વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ભાણીયા ગાંવજી નાયક**નું મરણ તા.૨૫/૦૧/૧૯૭૬ના રોજ મોજે કરાયા, તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત કરાયાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામ પંચાયત કરાયાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી કરાયા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)**
**તા.વાપી, જી.વલસાડ**



**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)ની કોર્ટમાં, મુ. બલીઠા**

**જન્મ-મરણ કેસ નં.૩૮/૨૦૨૫**

**અરજદાર : સવિતાબેન બચુભાઈ પટેલ**
**રહે.** મુ.પો. લવાછા, પટેલ ફળિયું, તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, લવાછા, તા.વાપી, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **શુક્કરભાઈ કાળીયાભાઈ પટેલ**નું મરણ તા.૨૨/૦૩/૧૯૮૦ના રોજ મોજે લવાછા, તા.વાપી, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત લવાછાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામ પંચાયત લવાછાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામ પંચાયત કચેરી લવાછા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વાપી (ગ્રામ્ય)**
**તા.વાપી, જી.વલસાડ**



**PUBLIC NOTICE**

Notice is hereby given that, Agree Land mentioned in below Schedule is absolutely belonging to (1) NILESHKUMAR VASANTLAL DALAL, (2) PARUL NILESHKUMAR DALAL, (3) PAMELA NILESHKUMAR DALAL.

WHEREAS, my client wants to purchase the said entire land from the above mentioned owners, with a clear and marketable title and without any encumbrancesor liabilities thereon. Any person/persons having any objections against the sale or transfer of said land or having any claim whatsoever in relation to the said land or any part thereof whether by way of sale, gift, inheritance, agreement, Contract, mortgage, attachment, possession, tenancy rights, partnership, hypothecation or otherwise, are hereby required to file their written objections along with all the supporting relevant documents to us on the below mentioned address within 7 (Seven) days from the date of publication of this notice. Failing receipt of any such objection, it shall be presumed that, the claims, if any, have been waived and abandoned forever. The sale transaction of said property shall be completed by my client after expiry of said notice period. Thereafter, no objections of any person or party shall be accepted, which kindly be noted.

**SCHEDULE**

**ALL THAT** a piece and parcel of An Agricultural land bearing.....

| Khata No. | Old Survey No. | New Survey No. | Area in Sq. Mtrs. | Assessment |
|---|---|---|---|---|
| 506 | 140/1 | 350 | 7884.00 | 0.60 |

Situated at Village limits of Karaya, Taluka Vapi, District: Valsad, State: Gujarat, India.
**MUKESH M. THUMAR (ADVOCATE) MOB. No. 9825145085**
**Office No. 108, First Floor, Nakshatra Plaza, above Subway, N.H.No.8, Vapi-396191.**



**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Department of Land Acquisition- Dadra and Nagar Haveli**

**NOTICE**

**Purpose: Publication of Notice U/s 21 of RFCTLAAR, 2013 for the proposed acquisition of land for the Development of Khanvel Junction.**

No.LAQ/Development/Khanvel Junction/2023/198/LAO/2025
Dated: 25/04/2025

**Note: Details can be downloaded from https://me-qr.com/qr-code-generator/qr or by scanning the QR code.**

**Land Acquisition Officer, Dadra & Nagar Haveli**

**NO.: IP/DMN/2/5/2025-26/369 DATED : 28/04/2025**



**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**Department of Land Acquisition- Dadra and Nagar Haveli**

**NOTICE**

**Purpose: Final R&R Report U/s 16 of the RFCTLARR Act, 2013 for Construction of 4 Lane Road from Canal Junction to Sayli Outpost (1.655 km).**

**Village: Sayli.**

**Final R&R Report. LAQ/Canal Junction/Sayli Outpost/2023/204/LAO/2025**

Dated: 25/04/2025

**Note: https://me-qr.com/qr-code-generator/qr**

**Land Acquisition Officer, Dadra & Nagar Haveli**

**NO.: IP/DMN/2/5/2025-26/370 DATED : 28/04/2025**



દમણગંગા ટાઇમ્સ
ઈ-પેપર ડાઉનલોન
કરવા માટે
કયુઆર કોડ
સ્કેન કરો














દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 29, April 2025

# દમણગંગા ટાઇમ્સ

VIMAL ENTERPRISE

શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!



આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે

Mo. 9374135780

CONTACT:RAMBHAI KUSHWAHA.

Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001

## સાંસદ ધવલ પટેલને જન્મ દિવસે સેવા પ્રવૃત્તિથી શુભકામના અપાઈ

### પહેલગામ આતંકવાદી હુમલાના પગલે સાંસદે ઉજવણીના કાર્યક્રમ ન કરવા અનુરોધ કર્યો હતો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે પહેલગામ ખાતે થયેલ આતંકવાદી હુમલાના પગલે એમના મતવિસ્તારના સહુ કાર્યકર્તાઓને એમના જન્મદિવસની ઉજવણીના કરવા અંગેની અપીલ કરી હતી. સાંસદ ધવલભાઈ પટેલે એમના જન્મદિન નિમિત્તે સેવાકીય પ્રવૃત્તિ કરવાની નેમ સાથે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા દર્દીઓ અને એમના સગા સંબંધીઓને ફ્રુટ કીટનું વિતરણ કરી એમના જન્મદિવસની સાદગીપૂર્ણ ઉજવણી કરી હતી. એજ રીતે વલસાડના સાંસદના જન્મદિવસ નિમિત્તે પાલિકા હોસ્પિટલ ચેરમેન તેમજ તેમની ટીમ દ્વારા હોસ્પિટલના દર્દીઓને ફૂડ પેકેટ, આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઇંટના ભઠ્ઠા પર છેવાડાના ગરીબ શ્રમજીવી ઓને ચંપલ વિતરણ, બસ-ડેપો પાસે રીક્ષા સ્ટેન્ડ પાસે છાશનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

## ભદેલી જગાલાલામાં પુરઝડપે કાર હંકારાતા અકસ્માત બેને ઈજા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** હિંગળાજથી કાર લઈ વલસાડ જતી વખતે વલસાડના ભદેલી જગાલાલા ગામમાંથી પસાર થતી વખતે કાર ચાલક પુરઝડપે હંકારી લઈ જતાં સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં દિવાલ સાથે ધડાકા સાથે અથડાતા બંને યુવાનોને ગંભીર ઈજા થતાં વલસાડની કસ્તુરબા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારના હિંગળાજ ગામની કાર નંબર જીજે ૧૫ સીકે ૮૨૨૪ લઈ વલસાડ તરફ જતા હતાં તે દરમિયાન વલસાડના ભદેલી જગાલાલા ગામમાંથી કારમાં સવાર થઈ બે યુવાનો વલસાડ તરફ આવી રહ્યાં હતાં. તે દરમિયાન કાર ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા કાર દિવાલ સાથે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા બંન્ને યુવાનોને કસ્તુરબા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

## આજે વાપીમાં પરશુરામ જયંતિએ માત્ર આરતી અને મૌન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપીથી તાપી સુધીની ભૂમિ એટલે ભગવાન પરશુરામની ભૂમિ તરીકે ઓળખાય છે અને આ ભૂમિ પર ભગવાન પરશુરામના આશીર્વાદથી કોઈ મોટી આફત કે દુર્ઘટના થતી પણ અટકતી હોવાની માન્યતા છે. વળી દર વર્ષે બ્રહ્મ સમાજ દ્વારા પરશુરામ જયંતિની ઉજવણી પણ કરવામાં આવતી હોય છે. પરંતુ આ વર્ષે કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા ૨૭ હિન્દુ ભાઈઓની નર્મમ હત્યા કરાઈ હોવાના પગલે સમગ્ર દેશમાં શોક અને રોષની લાગણી છે એને ધ્યાનમાં લેતા પહેલગામનાં મૃતકોને શ્રધ્ધાંજલિના ભાગરૂપે વાપીમાં શ્રી સમસ્ત વાપી બ્રહ્મ સમાજ દ્વારા આ વર્ષે શોભાયાત્રાનો કાર્યક્રમ સ્થગિત કરવામાં આવ્યો છે. એની જગ્યાએ સાંજે ૬:૩૦ કલાકે ગોવિંદા કોમ્પલેક્ષની બાજુમાં પરશુરામ સર્કલ ચાર રસ્તા ખાતે સમસ્ત બ્રહ્મબંધુઓ એકત્ર થઈ આરતી કરી મૌન રાખી છુટા પડશે.

## ડાંગનાં પર્વતારોહકો કાબરૂ શિખર પર તિરંગો લહેરાવ્યો

### ૧૭,૫૦૦ ફિટની ઊંચાઈનાં કાબરૂ શિખર ભોવાન રાઠોડ ૧૬ કીલો અને ૭૦૦ ગ્રામના વજન સાથે માત્ર ૨ કલાકમાં જ સર કરી નવો રેકર્ડ પ્રસ્થાપિત કર્યો

**આહવા, તા. ૨૮ :** ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, માઉન્ટ આબુ ખાતે ઉપબલ્ધ એડવેન્ચેર કોર્ષ, બેઝિક કોર્ષ, એડવાન્સ કોર્ષ, કોચિંગ કોર્ષ અને રોક કલાંઈબિંગ કોર્ષમાં સફળતાપૂર્વક ભાગ લઈ ડાંગનો યુવા પર્વતારોહક ભોવન રાઠોડ વિશ્વના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ સર કરવાનું સ્વપ્ન લઈ પર્વતારોહકની વિવિધ તાલીમ લઈ રહ્યો છે.

ભોવાન રાઠોડ હાલમાં જ હિમાલય માઉન્ટેન ઈન્સ્ટિટ્યૂટ-દાર્જિલિંગ ખાતે તાલીમ પૂર્ણ કરી માઉન્ટ એવરેસ્ટ સર કરવાની તાલીમમાં પસંદગી પામ્યો છે.

ડાંગ જિલ્લાના ચિરાપાડા ગામનાં શ્રી ભોવન રાઠોડને પર્વતારોહકની તાલીમ માટે પશ્ચિમ બંગાળ અને ભારત સરકારની ડિફેન્સ મિનિસ્ટ્રી હસ્તક ચાલતી પર્વતારોહક સંસ્થાન HMI હિમાલય માઉન્ટેન ઇન્સિટ્યૂટ, દાર્જિલિંગ ખાતે પસંદગી થઈ હતી. અહિં ટ્રેનીગ બાદ ૧૩ કિલોમીટર શિખર રનિંગ ચડાણ વેટ લોડ ફેરીમાં હાઈ અલ્ટિટુટ પર ૩ કલાકમાં પૂરી કરવાની હતી. જેમાં ભોવાન રાઠોડ ૧૬ કીલો અને ૭૦૦ ગ્રામના વજન સાથે માત્ર ૨ કલાકમાં જ રનિંગ પુર્ણ કરી, નવો રેકર્ડ પ્રસ્થાપિત કર્યો છે.





ભોવાન રાઠોડે ૧૭,૫૦૦ ફિટની ઊંચાઈનાં કાબરૂ શિખરની ટોચ પર ભારત દેશનો તિરંગો લહેરાવ્યો હતો. આ શિખર સર કરતાં ભોવાન રાઠોડને ગુજરાત સરકાર ૩૦ હજારના રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે. ઉલ્લેખનીય છે કે, ભોવાન રાઠોડ બીએસએફ, આર્મી, નેવી કમાન્ડોની પહેલી ટીમમાં પસંદગી થઈ નવો રેકર્ડ પ્રસ્થાપિત કરતાં, તેઓની ગ્લેસિયર ખાતે માઉન્ટ એવરેસ્ટ માટેની ટ્રેનિંગ માટે પસંદગી કરવામાં આવેલ છે. ગ્લેસિયરમાં આખું શરીર જામ કરી નાખે તેવી ઠંડી તેમજ ચઢાણ વખતે સ્નો ફોલના કરાણે વારંવાર અડચણો આવતી હોય છે. સાથે ઊંચાઇ ઉપર પાતળી હવા હોય છે. તેમજ હાડ ધ્રુજાવી નાખે તેવી ઠંડીમાં રહીને પણ તેઓ રાજ્ય અને દેશનું નામ ઊંચું કરવા સખત તનતોડ મહેનત કરી રહ્યા છે.

## સાપુતારામાં પિકઅપ પલ્ટી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૮ :** પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાશીકથી ખાલી કેરેટ લઈ કેરીનો જથ્થો ભરવા વલસાડ તરફ જઈ રહેલ પિકઅપ ગાડી જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા મિલેનિયમ ગાર્ડન નજીક ચાલક દ્વારા અચાનક સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા પિકઅપ ગાડી બેકાબુ બની માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતનાં બનાવમાં પિકઅપ ગાડીને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલક અને કલીનરને નાની મોટી ઈજાઓ પોહચી હતી.

## સાપુતારામાં પણ પરપ્રાંતિયોના દસ્તાવેજોની તપાસ

**સાપુતારા, તા.૨૮ :** તાજેતરમાં જ જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં આંતકવાદીઓનાં હુમલામાં બે વિદેશી પ્રવાસીઓ સહીત અન્ય ૨૭ પ્રવાસીઓ માર્યા ગયા હતાં. અહી આંતકવાદીઓએ પ્રવાસીઓ ઉપર અંધાધુની ફાયરીંગ કરતા નિર્દોષ પ્રવાસીઓ માર્યા ગયા હતા. જે બનાવનાં પગલે હાલમાં સમગ્ર દેશ શોકાતુર બન્યુ છે. ત્યારે કેન્દ્ર સરકારે દેશભરનાં રાજ્યોમાં ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરેલ અસામાજિક તત્વોને શોધી કાઢવાની કવાયત હાથ ધરી છે. જે અન્વયે ડાંગ જિલ્લાની પોલીસ પણ એલર્ટ મોડમાં દેખાઈ રહી છે. ગતરોજ ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય ઈસમોનાં દસ્તાવેજોની સઘન ચકાસણી હાથ ધરવામાં આવી હતી.જેમાં સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે તમામ પરપ્રાંતીય લોકોને બોલાવીને તેમના ઓળખપત્રો અને અન્ય જરૂરી દસ્તાવેજોની ખરાઈ કરવામાં આવી હતી.ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી. પાટીલના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકના પી.આઈ. આર.એસ. પટેલ અને તેમની ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. સાપુતારા પોલીસ મથકનાં પીઆઈ આર.એસ. પટેલ દ્વારા સાપુતારાની તમામ હોટલો, રેસ્ટોરન્ટ, હોમ સ્ટે, રિસોર્ટમાં કામ કરતા તેમજ ઘોડાસવારી અને ઊંટ સવારી કે સાપુતારામાં અન્ય ધંધા સાથે જોડાયેલ પરપ્રાંતીય લોકોને બોલાવી તેમની પૂછપરછ કરી હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ વિસ્તૃત તપાસ દરમિયાન સાપુતારા ખાતે કોઈ પણ અન્ય દેશનો શંકાસ્પદ ઈસમ મળી આવ્યો નથી.પોલીસની આ કાર્યવાહીનો મુખ્ય હેતુ પ્રવાસન સ્થળ એવા સાપુતારા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનો છે. આ સરપ્રાઈઝ ચેકિંગથી સ્થાનિક લોકો અને પર્યટકોમાં સુરક્ષાની ભાવના વધુ પ્રબળ બની હતી.

## વલસાડના સાર્વજનિક વિજય મંડળનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ પારડી સાંઢપોર મોગરાવાડીમાં વર્ષોથી ચાલતી સાર્વજનિક વિજય મંડળનો ૬૧મો સાંસ્કૃતિક રમોત્સવ કાર્યક્રમમાં ૨૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. વિજેતા બનેલા બાળકોને પધારેલા મહેમાનોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતાં.

સાર્વજનિક વિજય મંડળ પારડી સાંઢપોર મોગરાવાડી ૬૧મો સાંસ્કૃતિક રમોત્સવ કાર્યક્રમ મહાત્મા ગાંધી હોલ નજીક મોગરાવાડીમાં રાખવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમના સમારંભના પ્રમુખ તરીકે કોંગ્રેસી અગ્રણી ગૌરવભાઈ પંડ્યા, દીપ પ્રાગટ્ય ભરતભાઈ મોદી ઉદ્યોગપતી, ઈનામ વિતરણ યતીનભાઈ કે. પટેલ જનરલ મેનેજર, કામરાજાર પોર્ટ, ચેન્નઈ, તામીલનાડુ પોર્ટ શીપીંગ અને જળમાર્ગ મંત્રાલય અતિથિ વિશેષ તરીકે નરેન્દ્રભાઈ ટંડેલ,





નિમેશભાઈ વશી, ઉમંગભાઈ બી. પટેલ લેન્ડ ડેવલોપર, વલસાડ નગરપાલિકા કાયદા સમિતિ ચેરમેન નિતેશભાઈ વશીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. પારડી સાંઢપોર ગામના સરપંચ ધર્મેશ ઉર્ફે ભોલા પટેલ, નગરપાલિકા માજી કાઉન્સિલર સંજય ચૌહાણ રહ્યા હતાં. સાર્વજનિક વિજય મંડળનો ચિતાર મંડળના પ્રમુખ ગીરીશભાઈ દેસાઈએ આપ્યો હતો. સાર્વજનિક વિજય મંડળ દ્વારા આયોજિત 'રસોત્સવ કલાવૃંદો દ્વારા લોકનૃત્ય, ગરબા, ભક્તિ સંગીત, થીમ ડાન્સ સહિતના અલગ અલગ થી ઉપર ૨૦૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. વિજેતા બનેલા બાળકોને પધારેલા મહેમાનોના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. સાર્વજનિક વિજય મંડળનો ૬૧મો સાંસ્કૃતિક રસોત્સવ ને સફળ બનાવવા માટે મંડળના હોદ્દેદારો સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ઉમરગામના પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન કેન્દ્રમાં અનોખો લોકડાયરો યોજાયો

**વલસાડ, તા. ૨૮ :** રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર ડેઠળની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીનાં આર્થિક સહયોગથી તેમજ પ્રજ્ઞાચક્ષુ પુનઃવસન કેન્દ્ર, ઉમરગામનાં સંયુક્ત ઉપક્રમે ઉમરગામ ખાતે ગુજરાતની લોક સંસ્કૃતિને લોકસંગીતને ઉજાગર કરતો ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લઈ અનોખો સંગીતરસ માણ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રજ્ઞા ચક્ષુ વિજયભાઈ કટરાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું, જ્યારે કાર્યક્રમની અધ્યક્ષતા કેન્દ્રના ટ્રસ્ટી જતીનભાઈ શાહે કરી હતી. કાર્યક્રમ દરમિયાન લોકપ્રિય ગાયક માનસિંહભાઈ ગોહિલ અને ડૉ. હેમાંગભાઈ વ્યાસે રાગ-રાગિનાઓથી ભરપૂર લોકસંગીત રજુ કરીને માહોલ રોમાંચિત બનાવી દીધો હતો. પ્રજ્ઞા ચક્ષુઓ માટે આ દિવસ એક યાદગાર તહેવાર બની રહ્યા. કાર્યક્રમ





દરમિયાન લોકોએ ઉદારમનથી દાન પણ આપ્યું, જે સંસ્થા દ્વારા ભાવિ સેવાપ્રવૃત્તિઓ માટે ઉપયોગી બનશે. કાર્યક્રમની સફળતા માટે ગજેન્દ્રસિંહ પરમાર એ જહેમત ઉઠાવી હતી.

## લગ્નમાં મોંઘુ ડીજે લાવવાની ના પાડતા યુવક ઘર છોડી ગયો

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના વણખાસ ગામમાં નિશાળ ફળિયામાં રહેતા સુરેશભાઈ જહીરામભાઈ ભોયાના ૨૪ વર્ષીય પુત્ર કૃણાલના લગ્ન નક્કી થયા હતા. તેના લગ્ન મંડપમાં મોંઘુ ડીજે લાવવાની પરિવાજનોએના પાડતા કોઈને કંઈપણ કહ્યા વિના તા.૧૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ કલાક ૪-૩૦ થી ૫-૦૦ વાગ્યા દરમિયાન ઘરેથી ક્યાંક નીકળી ગયો હતો. જેની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. ગુમ થનાર કૃણાલ શરીરે પાતળો બાંધો, લંબગોળ મોઢુ, ઘઉંવર્ણ, ૧૬૦ સેમી ઉંચાઈ અને કપાળ તથા હોઠ ઉપર જુનુ વાગેલાનું નિશાન ધરાવે છે. ઘરેથી નીકળતી વેળા લાલ કલરની ટીશર્ટ, માટી કલરનું પેન્ટ અને કાળા કલરની ચંપલ પહેરી હતી. જે ગુજરાતી અને હિન્દી ભાષા સમજે છે. ડિપ્લોમા સુધીનો અભ્યાસ કર્યો છે.

## રાનકૂવામાં રહસ્યમય સંજોગમાં ઘરમાંથી નિવૃત્ત શિક્ષક અને શિક્ષિકાના મૃતદેહો મળતાં ચકચાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૮ :** ચીખલી તાલુકાના રાનકુવા ગામે આવેલ એક સોસાયટીના ઘરમાં એક શિક્ષિકા અને નિવૃત્ત શિક્ષક મરણ ગયેલ હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી છે જોકે બનાવ અંગેની જાણ ચીખલી પોલીસને કરાતા પોલીસે ઘરની બારીની લોખંડની ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશ કરી મુખ્ય દરવાજો ખોલી જોતા શિક્ષિકાને ગળાના ભાગે ઈજાના નિશાનો જોવા મળ્યા હતાં. જ્યારે નિવૃત્ત શિક્ષકે હોલના રૂમમાં ઓઢણી વડે ગળેફાંસો ખાધેલ હાલતમાં જોવા મળતા લાશને નીચે ઉતારી મોતનું કારણ જાણવા ફરિયાદ દાખલ કરી આગળને વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના રાનકુવા ખાતે આવેલ શીવ દર્શન સોસાયટીના ઘર નં. એ/૩૫ માં રહેતી લતાબેન દીપકભાઈ ધોડિયા પટેલ ઉ.વ. ૪૫ જેનું પિયર સારવણી ફણસવાળા ફળિયા ખાતે આવેલ હોય જેના લગ્ન ગણદેવી તાલુકાના અમલસાડ ખાતે રહેતા દીપકભાઈ કાલિદાસ પટેલ સાથે થયા હતા લતાબેન પટેલ જે શિક્ષિકા તરીકે ફરજ બજાવી રહી છે જેને લગ્ન સંસારમાં એક પુત્ર રહ્યો છે પરંતુ લતાબેનના પતિ દીપકભાઈ પટેલ જે સન ૨૦૦૦ના વર્ષમાં મરણ ગયા હતા. ત્યારબાદ લતાબેન રાનકુવા ખાતે આવેલ શીવદર્શન સોસાયટીના મકાનમાં પુત્ર સાથે રહેતી હતી શિક્ષિકા તરીકે ફરજ દરમ્યાન શાળામાં સાથી શિક્ષક છોટુભાઈ રણછોડભાઈ પટેલ ઉ.વ.૬૩ રહે. પ્રતાપનગર મોટા ફળિયા તા. વાસદા સાથે એક જ શાળામાં નોકરી કરતા હોય ત્યારથી બંને વચ્ચે ઓળખાણ થયેલ અને ત્યારથી છોટુભાઈ પટેલ અવર નવર લતાબેન ના ઘરે આવન જાવન કરતા હતા દરમિયાન છોટુભાઈ પટેલ શાળામાંથી વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા હતા પરંતુ લતાબેન ના ઘરે આવન-જાવન થતી હતી. જ્યારે લતાબેનનો દીકરો બરોડા ખાતે હાલમાં એન્જિનિયરિંગમાં અભ્યાસ કરી રહ્યો છે. ત્યારે સોમવારના રોજ સવારના ૭:૩૦ વાગ્યા દરમિયાન લતાબેનનો ઘરનો મુખ્ય દરવાજો ન ખોલતા સોસાયટીના રહીશોએ લતાબેનના ભાઈ ચેતનભાઈ પટેલને તેના મોબાઈલ ઉપર ફોન કરીને જાણ કરી હતી અને તાત્કાલિક રાનકુવા ખાતે લતાબેન ના ઘરે આવવા જણાવ્યું હતું. ત્યારબાદ લતાબેનના ઘરની બારીમાંથી જોતા કોઈ પુરુષ લટકતી

(અનું. પેજ નં.૭ પર)

## ખુંધના નારી સંરક્ષણ કેન્દ્રએ પોંડેચેરીની માનસિક અસ્વસ્થ માતા-પુત્રનું પરિવાર સાથે મિલન કરાયું

**નવસારી, તા.૨૮ :** ગુજરાત રાજ્ય મહિલા અને બાળ વિકાસ વિભાગ,ગાંધીનગર સંચાલિત નારી સંરક્ષણ કેંદ્ર, ખુંધ, ચીખલી, નવસારીની સંસ્થામાં પિડીત, અનાથ, ઘરેલુ હિંસાનો ભોગ બનનાર, દિવ્યાંગ, માનસિક બિમાર, હ્યુમન ટ્રાફિકિંગ સાથે સંકળાયેલ વગેરે ૧૮ થી ૫૯ ઉંમરની બહેનોને પ્રવેશ આપવામાં આવે છે.

નવસારી જિલ્લાની નારી સંરક્ષણ કેંદ્ર,ખુંધ,ચીખલી,ખાતે આશ્રિત બહેન સવિથા ઉર્ફે સૌમ્યા અને બાળક-દિવ્યતરૂનને તાજેતરમાં સખી વન સ્ટોપ સેન્ટર વલસાડ દ્વારા આશ્રય હેઠળ મુકવામાં આવ્યા હતા. આશ્રિત બહેન માનસિક અસ્થિર મગજના હતા. આશ્રિત બહેન છેલ્લા ૧ માસથી અત્રે નારી સંરક્ષણ કેંદ્ર, ખુંધ ચીખલીમાં આશ્રય લઈ રહ્યા હતાં. આશ્રિત બહેન માનસિક



અસ્થિર મગજના હોવાથી તેમના પુત્ર સાથે ઘરેથી નિકળી ગયા હતા.આશ્રિત બહેનને વારંવાર પોતાનું સરનામું તથા ટેલિફોન નંબર પુછતા તેઓ દ્વારા અલગ અલગ સરનામું તેમજ ટેલિફોન નંબર આપતા હતા.જેમાથી એક ટેલિફોન નંબર તથા સરનામું તેમના પિયરનું હોવાનું માલુમ પડયુ હતું.જે ટેલિફોન નંબર પર સંપર્ક કરતા આશ્રિત બહેનના માતા સાથે સંપર્ક થઈ શક્યો હતો.

જેથી આશ્રિતના પરિવાર સાથે વાતચિત કરતા તેઓ પોંડેચેરીરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. પોંડેચેરી પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધણીની ખરાઇ કરવામાં આવી હતી. નારી સંરક્ષણ કેંદ્રના કમિટિના અધ્યક્ષ જિલ્લા કલેક્ટરની રૂબરૂ મુલાકાત કરાવી એમની હાજરીમાં આશ્રિત બહેન અને બાળકનો કબ્જો પોંડેચેરી પોલીસ અને પરિવારજનોને સોંપવામાં આવ્યા હતાં.

માનસિક અસ્થિર મગજના બહેન અને તેઓના દિકરાને સહિસલામત પરિવાર સાથે મિલાપ કરવા બદલ કલેક્ટરશ્રી દ્વારા પણ નારી સંરક્ષણ કેંદ્રની કામગીરીની પ્રસંશા કરવામાં આવી હતી.અને થવલકુપ્પમ પોલીસ સ્ટેશનના સ્ટાફ અને આશ્રિત બહેનના પરિવાર દ્વારા નારી સંરક્ષણ કેંદ્રના સ્ટાફ અને જિલ્લા તંત્રનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**